

પંડિત
જવાહરલાલ નેહરુ
ઇન્દિરાને પત્રો

પુસ્તક પહેલું

પંડિત જવાહરલાલ નહેરુના

ઇન્દિરાને પત્રો

મૂળ લેખક :

પંડિત જવાહરલાલ નહેરુ

: સંપાદકો :

ઈન્દુપ્રસાદ ભટ્ટ

મણિલાલ ઠાકર

"વાનરસેના" પુસ્તકમાળા

મુંબઈ-૨૧ * અમદાવાદ

: પ્રકાશક :
જીવનલાલ ઍન્ડ સન્સ
તરફથી : ચંદ્રકાન્ત જી. મહેતા
પીરમશા રોડ; અમદાવાદ.

: મુંબઈના એજન્ટ્સ :
જીવનલાલ ઍન્ડ સન્સ
લજપતરાય રોડ; વીલાપારલા.
[મુંબઈ-૨૧]

[વિદ્યાપીઠના જોડણી કોષ મુજબ સુધારેલી આવૃત્તિ]

પ્રથમ આવૃત્તિ : ૧૬૦૦

બીજી આવૃત્તિ : ૧૦૦૦

સને ૧૯૪૨

કિંમત આઠ આના

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
ઘીકાંટારોડ; અમદાવાદ.

ગુજરાતી બાળસાહિત્યમાં વૈજ્ઞાનિક પુસ્તકોની ખોટ હજુ કેટલાંક વર્ષો સુધી રહેવાની છે જ. છૂટુંછવાયું માસિકોમાંનું લખાણ તેમજ આંગળીને વેઢે ગણી શકાય તેટલાં પુસ્તકો જાણમાં છે. એટલે પૃથ્વીના અને માનવ જીવનના અદ્ભુત ઈતિહાસ સંબંધી પત્રો રૂપે લખાયેલું આ પુસ્તક ઉપયોગી થઈ પડશે.

વળી આ પત્રો યુવકશ્રેષ્ઠ રાષ્ટ્રપતિ પંડિત જવાહરલાલ નેહરુએ પોતાની દસ વરસની દીકરી ચિ. ઈન્દિરાને લખેલા છે. આવા સમર્થ રાષ્ટ્રવિધાયકને હાથે ભૂતકાળનાં પાનાં ઉકેલાયાં છે એ બાળકોનું સદ્ભાગ્ય છે.

અમારા વિદ્યાગુરુ શ્રી. કાકાસાહેબની ભલામણથી શ્રી. જવાહરલાલ નેહરુએ તથા મૂળ પુસ્તકને પ્રકટ કરનાર સંસ્થા ધી અલ્લાહાબાદ લૉ જર્નલ પ્રેસે આ પુસ્તક ગૂજરાતનાં બાળકો સમક્ષ મૂકવાની અનુકૂળતા કરી આપી અમને નિમિત્તરૂપ થવા દીધા તે અમારું પણ સદ્ભાગ્ય છે.

ભાઈ સાધુરામે તથા નટુભાઈ દવેએ કરેલી મદદનું મધુર સ્મરણ અમે અમારા અંતરમાં જ રાખીશું.

ઈન્દુપ્રસાદ ભટ્ટ
મણિલાલ ઠાકર

પત્રોનો અનુક્રમ

૧ . . . . કુદરત

જ્યારે તું અને હું ભેગાં હોઈએ છીએ ત્યારે તું વારંવાર મને ઘણી બાબતો વિષે પ્રશ્નો પૂછે છે, અને હું તેના જવાબ આપવા બનતો પ્રયત્ન કરું છું. પરંતુ હવે જ્યારે તું મસુરીમાં છું અને હું અલ્લાહાબાદમાં છું ત્યારે આપણાથી એ બાબતો વિષે વાતચીત ન થઈ શકે, તેથી હું તને પૃથ્વી કે જે નાના મોટા દેશોમાં વહેંચાએલી છે તેના વિષે થોડા થોડા અંતરે કેટલોક અહેવાલ આપવા માગું છું. તે હિંદના તેમજ ઇંગ્લેન્ડના ઈતિહાસમાં ચંચુપાત કર્યો છે. ઇંગ્લેન્ડ એક નાનો ટાપુ છે, પણ હિંદુસ્તાન એક મોટો દેશ હોવા છતાં પૃથ્વીનો નાનો ભાગ છે. જો આપણે આ પૃથ્વી વિષે થોડું પણ જાણવું હોય તો આપણે દરેક દેશનો તેમજ ત્યાંના લોકોનો વિચાર કરવો જોઈએ; આપણે જે દેશમાં જન્મ્યા તે જ દેશનો માત્ર વિચાર કર્યે ચાલે નહિ.

મને લાગે છે કે આ પત્રોમાં હું તને બહુ થોડું જ કહી શકીશ. હું આશા રાખું છું કે તે થોડું હોવા છતાં પણ તને આ દુનિયાના બીજા લોકો કે જે આપણા ભાઈબ્હેન સમાન છે તે તેમના વિષે તથા આ પૃથ્વીનો એક સમગ્ર તરીકે ખ્યાલ આપશે. જ્યારે તું મોટી થઈશ અને આ પૃથ્વી અને તેના રહેવાસીઓ વિષે મોટાં મોટાં થોથાં વાંચીશ ત્યારે તને તે કોઇપણ નવલકથા અથવા વાર્તા કરતાં વધારે રસદાયક લાગશે.

તું જાણતી જ હોઈશ કે આ પૃથ્વી લાખો વર્ષ પહેલાંની છે. કેટલાંય વર્ષ સુધી તેમાં માણસની હયાતી જ ન હતી. મનુષ્યોની ઉત્પત્તિ પહેલાં ત્યાં પશુઓ રહેતાં, અને પશુઓ પહેલાં ત્યાં કોઈપણ જાતના જીવ હયાતીમાં હતા જ નહિ. આ પૃથ્વી કે જેમાં અત્યારે આટલાં બધાં પ્રાણીઓ માલમ પડે છે, તેમાં પહેલાં કોઇ રહેતું જ નહિ હોય એમ ધારવું કઠિન છે. પરંતુ વિજ્ઞાનશાસ્ત્રીઓ અને જેઓએ આ બાબત ઉપર પુષ્કળ અભ્યાસ કર્યો છે તેઓ કહે છે કે પહેલાં એક એવો વખત હતો કે જ્યારે આ પૃથ્વી કોઇ પણ પ્રાણીમાત્રને વસવા માટે ઘણી જ ગરમ હતી. અને જો આપણે તેમની ચોપડીઓ વાંચીશું અને પ્રાણીઓના અવશેષો (fossils) ઉપર ધ્યાન આપીશું તો આપણને જરુર એમ લાગશે કે પહેલાં એમ જ હોવું જોઈએ.

અત્યારે તું ચોપડીઓની મદદથી ઈતિહાસ વાંચે છે પરંતુ પહેલાં જ્યારે માણસનું નામનિશાન જ નહોતું તે વખતે એક પણ પુસ્તક ક્યાંથી લખાયું હોય ? તો પછી શું બન્યું એ આપણે કેવી રીતે જાણી શકીએ ? આપણે કંઇ બેસી રહીને દરેક વસ્તુ વિષે કલ્પના ન કરી શકીએ. આપણે જે વિષે વિચાર કરવો હોય તે વિષે સુંદર કલ્પનાઓ કરીએ. પરંતુ કંઈક પણ સાચા પાયા વિના આ કલ્પનાઓ સાચી હોઈ ના શકે. જો કે આપણી પાસે પહેલાંના વખતની કોઈ લખેલી ચોપડીઓ નથી છતાં આપણી પાસે એવું કંઈક છે કે જે આપણને ચોપડીઓના જેટલી જ માહિતી આપી શકે. આપણે નદીઓ, પર્વતો, સમુદ્રો, તારા, રણ, પ્રાણીઓના અવશેષો વગેરે વગેરે વસ્તુઓ જોઇએ છીએ. આવી અને આવી જ બીજી કેટલીક વસ્તુઓ આપણને દુનિયાની સ્થિતિ જણાવે છે. આ બાબતને સમજવાનો સાચો રસ્તો એકલી ચોપડીઓ જ નહિ, પરંતુ કુદરત પણ છે. મને આશા છે કે તું જલદી પર્વતો અને ખડકોની મદદથી આ બાબત સમજવાને પ્રયત્ન કરશે. એ કેટલું મઝાનું છે ! કોઇપણ પથ્થર રસ્તામાં અથવા પર્વતની બાજુમાં પડેલો હોય તોપણ તે કુદરત વિષે કંઇક પણ બાતમી આપે છે. હિંદી, ઉર્દુ અથવા ઈંગ્લીશ ભાષા શીખવી હોય તો આપણે પહેલાં તેના મૂળાક્ષર શીખી લેવા જોઈએ, તેવી જ રીતે તારે પણ કુદરતની ચોપડીઓ વાંચતાં પહેલાં તેના મૂળાક્ષર જાણવા પડશે. ભાગ્યે જ તું આ શી રીતે થાય તે જાણતી

હશે. જો તું એક ગોળ ચળકતો પથ્થર જુએ તો તે તને કશું સૂચવતો નથી? તે શી રીતે આવો ગોળ અને ચળકતો થયો હશે? જો તું એક મોટા પથ્થરને ભાંગીને નાના નાના ટુકડા કરીશ તો નાનો ટુકડો ખરબચડો અને જુદા જ પ્રકારના આકારવાળો બનશે. તો શી રીતે તે પથ્થર ગોળ, લીસો અને ચળકતો થયો? જો તારામાં એને સારી રીતે જોવાની શક્તિ હશે તો તને એ એની વાત કહી સંભળાવશે. ઘણુંકરીને તે એક પર્વતની બાજુમાં હતો. પછી વરસાદ પડયો અને તે એક ખીણમાં ઘસડાઈ ગયો. ત્યાંથી એક નાનો ઝરો તેને નદીમાં તાણી ગયો. પછી બધી વખત તે નદીના તળીએ જ રહ્યો, અને તેની કોરો ઘસાઈ ગોળ બની ગઈ. આથી તે પથ્થર ગોળ બન્યો અને ઘસવાથી ચકચકિત પણ બન્યો. પછી તે તું જૂએ છે એવો બની ગયો. જો નદી તેને દૂર ને દૂર તાણી ગઈ હોત તો તે નાનો ને નાનો જ બનતો જાત; અને રેતીના રૂપમાં ફેરવાઈ જઈ દરિયાકિનારાની રેતીમાં ભળી ગયો હોત. ત્યાં પછી છોકરાં તેના કિલ્લાઓ બનાવત.

જો તને એક નાનો પથ્થર આટલું બધું કહે તો આપણે આ ખડકો અને પર્વતોમાંથી, અને આપણે જે બીજી વસ્તુઓ જોઈએ છીએ તેમાંથી કેટલું બધું શીખી શકીએ?

૨ . . . . પહેલાંનો ઇતિહાસ કેવી રીતે લખાયો?

મારા ગઇ કાલના પત્રમાં મેં તને જણાવ્યું કે આપણે દુનિયાનો પહેલાંનો ઈતિહાસ કુદરત દ્વારા શીખવાનો છે. હંમેશાં આપણે માટે પર્વતો, નદીઓ, ખીણો, સમુદ્રો, જ્વાળામુખી પર્વતો વગેરે વસ્તુઓ ઉઘાડી પડેલી છે; પરંતુ આપણામાંથી ઘણા જ થોડા તેના તરફ ધ્યાન આપે છે; અથવા તો તેને વાંચવાનો પ્રયત્ન કરે છે! જો આપણે તેને કેવી રીતે વાંચવું અને સમજવું એ શીખીએ તો તે કેટલીયે રમુજી બાબતો આપણને કહે છે! એ પથ્થરોની વાતો પરીઓની વાતો કરતાં ઘણી જ રમુજી થઇ પડશે.

કુદરતમાંથી આપણે પહેલાંની દુનિયાની—કે જ્યારે માણસ અથવા પશુ આ દુનિયા ઉપર હયાતીમાં ન હતાં—કેટલીક હકીકતો જાણીએ છીએ. જેમ જેમ આપણે વાંચતા થઈએ છીએ તેમ તેમ પહેલાં થોડાં અને પછી પુષ્કળ પશુઓ જોઈએ છીએ. પછી માણસો અને સ્ત્રીઓની વાતો યાદ આવે છે, પણ તે સ્ત્રીપુરુષો આજના કરતાં જુદી જાતનાં હતાં. તેઓમાં અને પશુઓમાં બહુ ફેર ન હતો. પછીથી તે વિચાર કરવાનું શરુ કર્યું. આ શક્તિએ તેમને બીજા પશુઓ કરતાં જુદા જ પ્રકારનાં બનાવી દીધાં. તે એવી સાચી શક્તિ હોવી જોઈએ કે જે ઘાતકીમાં

ઘાતકી પ્રાણી કરતાં પણ વધારે બળવાન હોય. તું આ જમાનામાં જુએ છે કે એક નાનો સરખો માણસ મોટા હાથી પાસે ધાર્યું કામ કરાવે છે, જે માવત હાથી ઉપર બેઠેલો હોય છે તે હાથી કરતાં કેટલોય નાનો હોય છે: હાથી તેના કરતાં ઘણો જ બળવાન છે પરંતુ માવતમાં વિચાર કરવાની શક્તિ છે તે વડે જ એ હાથીને ગુલામ જેવો બનાવી દે છે. તેપ્રમાણે જેમ જેમ માણસમાં વિચાર કરવાની શક્તિ આવતી ગઈ તેમ તેમ તે વધારે ચાલાક અને હોશિયાર બનતો ગયો. તેણે કેવી રીતે અગ્નિ પેદા કરવો, કેવી રીતે ખેતી કરવી, કેવી રીતે લુગડાં બનાવવાં, કેવી રીતે ઘર બનાવી રહેવું, વગેરે ચીજોની શોધ કરી. માણસો અને સ્ત્રીઓએ સાથે રહેવાનું શરુ કર્યું અને શહેરો વસાવા માંડયાં. શહેરોની શરુઆત પહેલાં માણસો એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતાં અથવા નાના તંબુઓમાં રહેતાં. તેઓ કેવી રીતે જમીનમાંથી પાક લેવો એ જાણતાં નહિ. તેઓ પાસે ન હોતા ઘઉં કે નહોતા ચોખા કે જેમાંથી રોટલી કે ભાત બનાવી શકાય. તે વખતે શાકભાજી ન હોતી. જે વસ્તુઓ આજે આપણે ખાઇએ છીએ તે તેમના જાણવામાં આવી ન હતી. કદાચ તેઓ સોપારી તથા ફળ ખાતાં હશે પણ તેમાંનાં ઘણાંખરાં તો પશુઓનો શિકાર કરીને જ પેટ ભરતાં.

શહેરોની ઉત્પત્તિ પછી લોકો સુંદર કળા શીખ્યા. તેઓ લખતાં પણ શીખ્યા પરંતુ ઘણા વખત સુધી કાગળ હયાતીમાં આવ્યા નહિ તેથી તેઓ ભોજપત્ર અથવા તાડપત્ર ઉપર લખતા.

અત્યારે પણ કેટલાંક વાંચનાલયોમાં આવાં જૂનાં પુસ્તકો તારા જોવામાં આવશે. પછી કાગળ આવ્યા અને લખવાનું કામ સરળ થયું. તે વખતે છાપખાનાં હતાં નહિ એટલે અત્યારની પેઠે ચોપડીઓની જથાબંધ નકલો નીકળતી નહિ. એક ચોપડીની બીજી નકલ ઘણી જ મહેનતે પૂરી થતી; તેથી તે વખતે પુષ્કળ ચોપડીઓ મળતી નહિ. જો કોઇને કોઈ ચોપડીની નકલ જોઈતી તો તે બીજા પાસે લખાવવી પડતી. આમ છતાં પણ તે વખતમાં માણસો સુંદર રીતે લખતા. અત્યારે પણ તે વખતની આવી સુંદર ચોપડીઓ વાંચનાલયોમાં આપણને માલમ પડે છે.

હિંદમાં ઘણું કરીને ચોપડીઓ સંસ્કૃત, ઈરાની અને ઉર્દુ ભાષામાં લખાએલી હોય છે; જે માણસો ચોપડીઓ લખતા તેઓ પાનાની બાજુમાં ફૂલઝાડ તેમ જ બીજી જાતનાં સુંદર ચિત્રો પણ દોરતા.

શહેરોની ઉત્પત્તિ સાથે ધીમેધીમે પ્રજાઓ ઉત્પન્ન થઈ જે લોકો એક જ દેશમાં પાસે પાસે રહેતા તેઓ એકબીજાને સારી રીતે ઓળખતા. તેઓ એમ જાણતા કે તેઓ બીજા દેશના લોકો કરતાં વધારે સારા છે. આ અજ્ઞાનતાને લીધે તેઓ એકબીજા સાથે લઢયા. તેઓ ખરી વાત સમજ્યા નહિ અને હજુ પણ સમજી શકતા નથી કે લઢવું અને એકબીજા સાથે કપાઈ મરવું એ મહા પાપ છે; આવી લઢાઈઓમાં કોઈને પણ ફાયદો નથી.

શહેરો અને દેશની વાતો જાણવા માટે કેટલીક વાર

જૂની ચોપડીઓ મળી આવે છે; પરંતુ આપણને આ બાબતની ઘણી ચોપડીઓ મળતી નથી. બીજી કેટલીક વસ્તુઓ આપણને આ બાબતમાં મદદ કરે છે. જૂના વખતના રાજા મહારાજાઓ પોતાના રાજ્યની હકીકતો પથ્થર ઉપર અથવા સ્તંભો ઉપર લખાવતા. ચોપડીઓ લાંબા વખત સુધી એની એજ સ્થિતિમાં રહેતી નહિ. કાગળ બગડી જતા અથવા ખવાઇ જતા. પરંતુ પથ્થર લાંબો વખત સારી સ્થિતિમાં જ ટકી રહેતા. કદાચ તને અલ્લાહાબાદમાંનો અશોકસ્તંભ યાદ હશે. એની ઉપર કેટલાંય વર્ષો ઉપરના મોટા બાદશાહ અશોક-નો ઢંઢેરો લખવામાં આવેલ છે. જો તું લખનૌના સંગ્રહસ્થાનમાં જઈશ તો ત્યાં તને પથ્થરની તક્તિઓ ઉપર કેટલાક અક્ષરો કોતરેલા માલમ પડશે.

જુદા જુદા દેશોના ઈતિહાસ શીખતાં આપણે ચીન, ઈજીપ્ત વગેરે દેશોની મોટી વાતો શીખીશું. તે વખતે યુરોપના દેશોમાં ઘણી જ જંગલી જાતો વસતી હતી. જ્યારે હિંદમાં રામાયણ અને મહાભારત લખાયાં ત્યારે હિન્દની ખૂબ જાહો-જલાલી હતી. તે વખતે હિન્દ એક લક્ષ્મીવાન અને અગ્રગણ્ય દેશ હતો. અત્યારે આપણા દેશમાં કોઈ પણ સ્વતંત્ર નથી.. આવું હંમેશાં આપણાથી જોઈ શકાય નહિ. જો આપણે સખત મહે-નત કરીશું તો આપણા દેશને સ્વતંત્ર બનાવી ગરીબ લોકોનું નસીબ સુધારી, હિન્દને યુરોપના કેટલાક દેશોના જેવું જ આનંદજનક રહેઠાણ બનાવી દઈશું.

હવેના પત્રમાં હું આ દુનિયાની પહેલેથી હકીકત શરુ કરીશ.

૩ . . . . દુનિયાની ઉત્પત્તિ

તું જાણે છે કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે અને ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે. કદાચ તું એમ પણ જાણતી હોઈશ કે પૃથ્વીની માફક જ બીજી કેટલી વસ્તુઓ પણ સૂર્યની આસપાસ ફરે છે. પૃથ્વી અને આ બીજી વસ્તુઓ સૂર્યના ગ્રહો કહેવાય છે. ચંદ્ર પૃથ્વી ઉપર આધાર રાખનારો છે. આવી જ રીતે ગ્રહો પણ બીજી વસ્તુઓ ઉપર આધાર રાખે છે. સૂર્ય, ગ્રહો અને બીજી આધાર રાખનારી વસ્તુઓ એકબીજા સાથે સુંદર રીતે ભળી ગએલ છે તે 'સૂર્યમાળા' કહેવાય છે. સૂર્યમાળા એટલે સૂર્યને લગતી કેટલીક વિગત. સૂર્ય સર્વ ગ્રહોનો ઉપરી હોવાથી આખું મંડળ સૂર્યમાળા કહેવાય છે.

રાત્રે તું હજારો તારા આકાશમાં જૂએ છે. આમાંના થોડાક જ ગ્રહો છે. તું તારા અને ગ્રહો વચ્ચેનો તફાવત જાણે

છે ? ગ્રહો આપણી પૃથ્વીની માફક નાજુક છે. તે મોટા જણાય છે, કારણકે તે આપણી નજીક છે. ચંદ્ર તદ્દન નાનો હોવા છતાં બહુ મોટો દેખાય છે, કારણકે તે આપણી નજીકમાં નજીક છે. ગ્રહો અને તારા વચ્ચેનો તફાવત જાણવાનો સારામાં સારો રસ્તો એ છે કે તારા ઝબકારા મારે છે જ્યારે ગ્રહો સ્થિર રહે છે. ગ્રહો પ્રકાશે છે કારણકે તેઓ સૂર્યનો પ્રકાશ મેળવે છે સાચા તારા સૂર્ય જેવા જ હોય છે. તેઓ પોતાની મેળે પ્રકાશે છે કારણકે તેઓ ધગધગતા અંગારા જેવા છે. સાચી વાત એ છે કે સૂર્ય પણ એક તારો જ છે. પરંતુ ને આપણી નજીક હોવાને લીધે મોટો અને એક ધગધગતા ગોળા જેવો દેખાય છે.

પૃથ્વી એ સૂર્યમાળાને લગતી જ બાબત છે. આપણે ધારીએ છીએ કે પૃથ્વી બહુ જ મોટી છે, અને ખરેખર આપણી જાત સાથે સરખાવતાં તે ઘણીજ મોટી છે. એ બહુ જ ઝડપથી ફરે છે તોપણ એક ભાગમાંથી બીજા ભાગમાં જવા માટે કેટલાક મહિના લે છે. જો કે આપણને તે બહુ જ મોટી લાગે છે પરંતુ તે હવામાંના એક રજકણ જેવી છે. સૂર્ય આપણા કરતાં લાખો માઈલ દૂર છે, અને બીજા તારા તો એના કરતાં પણ વધારે દૂર છે.

ખગોળવેત્તાઓ કહે છે કે પહેલાંના વખતમાં પૃથ્વી તેમજ બીજા ગ્રહો સૂર્યના ભાગ હતા, ત્યારે સૂર્ય અત્યારના જેવો જ એક ધગધગતો ગોળો હતો. ગમે તેમ પણ સૂર્યના નાના ટુકડા

થઈ ગયા અને હવામાં છુટા પડી ગયા. આમ એ ટુકડા સૂર્યથી તદ્દન જુદા થઈ ગયા. જેમ તેમને દોરડું બાંધ્યું હોય તેમ તેઓ સૂર્યની આસપાસ ફરવા લાગ્યા. દોરડાની સાથે સરખાવેલું આ જાદુઈ બળ એવું છે કે નાની વસ્તુઓ મોટી વસ્તુઓ તરફ આકર્ષાય છે. જે વસ્તુઓ પોતાના વજનથી નીચે પડે છે તે પણ એ જ આકર્ષણને લીધે. આપણી પાસે પૃથ્વી એક મોટામાં મોટી વસ્તુ હોઈ બધી વસ્તુઓને પોતાની તરફ આકર્ષે છે.

આવી જ રીતે પૃથ્વી પણ સૂર્યથી જુદી પડી. તે વખતે એ બહુ જ ગરમ હોવી જોઈએ અને તેની આસપાસના પદાર્થો પણ તેટલા ગરમ હોવા જોઈએ. પરંતુ પૃથ્વી એ સૂર્યથી નાની હતી તેથી ધીમે ધીમે ઠંડી પડવા લાગી. સૂર્ય પણ ધીમે ધીમે ઠંડો પડવા માંડે છે; પણ તે ઠંડો પડતાં લાખો વર્ષ લેશે. પૃથ્વીએ ઠંડી પડતાં થોડો જ વખત લીધો. અલબત્ત, જ્યારે તે ગરમ હતી ત્યારે પ્રાણીમાત્ર ત્યાં નહિ જ હોય કારણકે તેની ગરમીથી બધું બળી જતું હશે.

જેવી રીતે સૂર્યનો એક ટુકડો છુટો પડી પૃથ્વી બની તેવી જ રીતે પૃથ્વીમાંથી એક ટુકડો છુટો પડી ચંદ્ર બન્યો. ઘણા એમ માને છે કે ચંદ્રની ઉત્પત્તિ પાસિફિક મહાસાગરમાંથી થઈ.

આવી રીતે પૃથ્વી ઠંડી પડવા માંડી. તેને માટે થોડો ઘણો વખત પણ ગયો. ધીમે ધીમે પૃથ્વીની સપાટી ઠંડી પડી પરંતુ અંદરનો ભાગ તો ગરમ જ રહ્યો. અત્યારે પણ જો તું કોલસાની ખાણ નીચે જઈશ તો તને લાગશે કે તું જેમ જેમ નીચે જતી જઈશ તેમ તેમ વધારે ને વધારે ગરમી લાગશે. ચંદ્ર પણ ઠંડો પડવા લાગ્યો; પરંતુ તે વધારે નાનો હોવાથી એકદમ ઠંડો પડી ગયો. તે બહુ જ ઠંડો લાગે છે અને તેથી તે શીત–ચંદ્ર કહેવાય છે. કદાચ તે બરફથી જ ભરેલો હોય!

જ્યારે પૃથ્વી ઠંડી પડી ત્યારે વરાળનું પાણી થઈ ગયું, અને વરસાદ રૂપે નીચે પડ્યું. તે વખતે પુષ્કળ વરસાદ પડયો હશે. પૃથ્વીનાં મોટાં પોલાણ આ પાણીથી ભરાઈ ગયાં, અને તેના સમુદ્રો અને મોટા મહાસાગરો બન્યા.

જેમ જેમ પૃથ્વી ઠંડી પડતી ગઈ તેમ તેમ ઉપર પ્રાણી-માત્રનો વસવાટ શરુ થવા લાગ્યો. આવતા પત્રમાં જીવનની શરુઆત વિષે આપણે વિવેચન કરીશું.

૪ . . . . શરુઆતના જીવ

આપણે છેલ્લા પત્રમાં જોયું કે ઘણા વખત સુધી પૃથ્વી ગરમ જ હતી, અને તેથી પ્રાણીમાત્રનો વસાવટ અશકય હતો. ત્યારે કયારે પૃથ્વી ઉપર જીવન શરુ થયું ? અને પહેલી જીવન્ત વસ્તુઓ કઈ હતી ? એ બહુજ મઝાનો પ્રશ્ન હોવા છતાં પણ તેનો જવાબ આપવો અઘરો છે. જીવન એ શી ચીજ છે તે આપણે પહેલાં જાણી લેવું જોઇએ. તું એમ કહીશ કે માણસની પેઠે જ બીજાં પશુઓ પણ જીવન્ત વસ્તુઓ છે. ત્યારે છોડ, ઝાડ તથા શાકભાજીનું શું ? તે પણ જીવતી વસ્તુઓ છે. તે ઉગે છે, પાણી પીએ છે, શ્વાસ લે છે, વધે છે અને મરી પણ જાય છે. ઝાડ અને પશુ વચ્ચે ફેર માત્ર એટલો જ છે કે ઝાડમાં હરી ફરી શકવાની શક્તિ નથી. જો તને યાદ હોય તો મેં તને લંડનના એક બાગમાં કેટલાક છોડ બતાવ્યા હતા. તેમાંના કેટલાક છોડ માખીઓને ખાઈ જાય છે. તેમ દરિયાની નીચે રહેતાં કેટલીક જાતનાં પ્રાણીઓ બીલકુલ હલન-

ચલન કરી શકતાં નથી. કેટલીક વખત અમુક વસ્તુ છોડ છે કે કોઈક જાતનું પશુ છે તે કહેવું અઘરું થઇ પડે છે. જ્યારે તું પ્રાણીશાસ્ત્ર સંબંધી શીખીશ ત્યારે તું કેટલીક એવી વિચિત્ર વસ્તુઓ જોઈશ કે જે પુરેપુરું પશુ નથી હોતું કે છોડ પણ નથી હોતો.

કેટલાક માણસો એમ કહે છે કે પથ્થરને પણ અમુક જાતનું જીવન છે અને તેમને પણ અમુક જાતનું દુઃખ થાય છે. પણ આ પ્રત્યક્ષ થવું એ ઘણું કઠિન છે. એક સદ્ગૃહસ્થ આપણને જીનીવામાં મળવા આવ્યા હતા, તે કદાચ તને યાદ હશે. તેમનું નામ સર જગદીશચંદ્ર બોઝ છે. તેમણે પ્રયોગો કરીને સાબીત કરી આપ્યું છે કે છોડને પણ અમુક જાતનો જીવ છે, અને તેઓ એમ પણ માને છે કે પથ્થરોને પણ જીવ છે.

આ રીતે તને માલમ પડશે કે કઈ વસ્તુમાં જીવ છે અને કઈમાં નથી. એ જાણવું અઘરું છે. પરંતુ અત્યારે આપણે પથ્થરની વાત જવા દઈએ અને છોડ તેમજ પશુઓની વાત કરીએ. અત્યારે પુષ્કળ વસ્તુઓ જીવતી છે. સ્ત્રીઓ તેમજ પુરુષો પણ જીવે છે. આમાંનાં કેટલાંક ચતુર છે જ્યારે બીજાં મૂર્ખા છે. આવી જ સ્થિતિ પશુઓની પણ છે. તેમાં પણ હાથી, વાંદરાં તેમજ કીડી જેવાં પ્રાણીઓ ચતુર છે; જ્યારે બીજાં કેટલાંક બિલકુલ અક્કલ વિનાનાં છે. માછલી તેમજ બીજી

કેટલીક ચીજો દરિયામાં રહી જીવન ગૂજારે છે. તે તેવાં જ છે. સમુદ્રને છેક તળીએ પણ કેટલાંક પ્રાણીઓ રહેતાં માલમ પડે છે.

આપણે બધાં આ જુદી જદી જાતનાં પ્રાણીઓ સાથે જ હયાતીમાં આવ્યાં અથવા એક પછી એક આવ્યાં તે શોધવા પ્રયત્ન કરવાનો છે. આપણે આ શી રીતે શોધી કાઢવું ? આપણી પાસે એ પુરાણા વખતનાં ચોક્કસ પુસ્તકો નથી પરંતુ કુદરત આપણને આ બાબતમાં મદદ કરી શકે. એ મદદ કરે છે જ. આપણને પથ્થરોમાં કેટલાંક પ્રાણીઓનાં હાડકાં માલમ પડે છે. આ અવશેષો (fossils) કહેવાય છે. આપણને આવા અવશેષો ઉપરથી માલમ પડે છે કે જ્યારે તે પથ્થર હયાતીમાં આવ્યો હશે ત્યારે જે પશુઓનાં હાડકાં માલમ પડે છે તે પશુઓ તે સમયે થઇ ગયાં હશે. તેં આવા ઘણા નાના મોટા અવશેષો લંડનના સંગ્રસ્થાનમાં જોયા છે.

જ્યારે કોઇ પશુ મરી જાય છે ત્યારે તેના નરમ અને માંસવાળા ભાગ જલદી બગડી જાય છે પરંતુ તેનાં હાડકાં ઘણો વખત રહે છે. અને જે અવશેષો આપણને પાછળથી માલમ પડે છે તે અના જ હોય છે. પરંતુ જો કોઈ એવું પ્રાણી મળી આવે કે જેને બિલકુલ હાડકાં જ ના હોય તો તેની પાછળ આવી કોઇ પણ જાતની નિશાની રહેતી નથી.

જો આપણે આવા જુના અવશેષો ભેગા કરીએ અને તેનું બરાબર અવલોકન કરીએ તો જોઇ શકીશું કે જુદી જદી

જાતનાં પશુઓ જુદે જુદે વખતે જીવ્યાં હશે. તેઓ બધાં એકી વખતે હયાતીમાં ન હતાં. સૌથી પહેલાં માછલી જેવાં સાદાં જ પ્રાણીઓ હતાં. પછી સાપ, હાથી કરતાં પણ મોટાં પ્રાણી અને છેલ્લે આજના જેવાં પ્રાણીઓ હયાતીમાં આવ્યાં. સૌથી છેલ્લે માણસ આવ્યાં. આ ઉપરથી એમ જણાય છે કે અમુક નિયમ પ્રમાણે જ પ્રાણીઓની ઉત્પત્તિ થઇ. પહેલાં સાદાં પ્રાણીઓ, પછી સહેજ મોટાં, પછી સૌથી મોટાં પ્રાણીઓ અને છેવટે માણસ હયાતીમાં આવ્યાં. આવાં સાદાં પ્રાણીઓ કેવી રીતે મોટાં થયાં, સુધર્યાં, જુદા રૂપમાં ફેરવાયાં વગેરેનો ઈતિહાસ રમુજી છે; પરંતુ અત્યારે આપણે સૌથી પહેલાંનાં જ પ્રાણીઓ વિષે વાત કરવાની છે.

જ્યારે પૃથ્વી ઠંડી પડી ત્યારે પ્રાણીઓ બિલકુલ હાડકાં વિનાનાં જ હતાં, અને તેઓ દરિયામાં રહેતાં. આ પ્રાણીઓના અવશેષો આપણી પાસે નથી, કારણકે તેમને હાડકાં હતાં જ નહિ. આવાં કેટલાંક પ્રાણીઓ હજુ પણ દરિયામાં હોય છે. તેમનો આકાર દડા જેવો છે પણ હાડકાં નહિ હોવાને લીધે તેમના આકારમાં ફેરફાર થતો જ જાય છે.

આમાં તને વચ્ચે એક ટપકું માલમ પડશે: તે એક જાતનું હૃદય છે. આ પ્રાણીઓને પોતાના બે ભાગ કરી દેવાનો એક વિચિત્ર રસ્તો છે. તેઓ અમુક જ જગ્યાએ પાતળાં ને પાતળાં થતાં જ જાય છે. છેવટે તેમના બે ભાગ થઈ જાય છે. આ બેઉ

ભાગ પહેલાંના જેવા જ હોય છે. આ ભાગ નીચેની રીત પ્રમાણે છેઃ—



તું જોઈશ કે હૃદયના પણ બે ભાગ પડે છે. અને દરેક ભાગમાં થોડું થોડું હૃદય આવી જાય છે. આ રીતે આ પ્રાણીઓના ભાગલા થાય છે અને વધતાં જ જાય છે.

આ પછી અત્યારના જેવી માછલીઓ હયાતીમાં આવી. આપણે આ વિષે ઘણું જાણીએ છીએ, કારણકે એમને મજબૂત હાડકાં હોય છે. અને તેમની પાછળ એવી કેટલીય ચીજો તેમણે મૂકી છે કે જેમાંથી આપણને ઘણું જાણવાનું મળે. એમની ઉપરનું ઢાંકણ દરિયાકિનારે કાદવમાં રહેતું. પછીથી રેતીના દબાણને લીધે કાદવ મજબૂત થવા લાગ્યો. તે એટલો બધો મજબૂત થયો કે પથ્થરના રૂપમાં ફેરવાઇ ગયો. આ રીતે એ પથ્થર દરિયાની છેક તળીએ રહ્યો. ધરતીકંપને લીધે અથવા એવા કોઈ બીજા અકસ્માતને લીધે એ પથ્થર દરિયાની નીચેથી ઉપર આવી ગયો અને સૂકી જમીનના રૂપમાં ફેરવાઇ ગયો. પછી વરસાદથી અને નદીના પ્રવાહથી બધું ધોવાઇ સાફ થઇ ગયું અને જે ઢાંકણ વર્ષોનાં વર્ષો સુધી ઢંકાએલું રહેલું તે બહાર આવ્યું. આ રીતે આપણને કેટલાય અવશેષો તેમજ ઢાંકણ મળી આવે છે. તેના અભ્યાસ ઉપરથી આપણે મનુષ્યોના વસવાટ પહેલાંની પૃથ્વી કેવી હશે તે જાણી શકીએ છીએ.

આવતા પત્રમાં આ સાદાં પ્રાણીઓ કેવી રીતે મોટાં થઇ અત્યારના જેવાં થઇ ગયાં તે આપણે જોઈશું.

૫ .... પશુઓ

આપણે જોયું કે પહેલી જાતની જિંદગીમાં દરિયાઇ પ્રાણીઓ તેમજ છોડ હતાં. તેઓ ફક્ત પાણીમાં જ જીવી શકતાં જો તેમને પાણીમાંથી બહાર કાઢવામાં આવતાં તો તેઓ જીવી શકતાં નહિ. પરંતુ તે વખતે પુષ્કળ પાણી હોવું જોઇએ તેમજ ભીનાશવાળી જગ્યા પણ હોવી જોઈએ. નાની નાની માછલીઓ તેમજ બીજાં કેટલાંક દરિયાઇ પ્રાણીઓ કે જેમની ચામડી વધારે જાડી હતી તેઓ વધુ વખત જમીન ઉપર રહી શકતાં. જેમની ચામડી જાડી ન હતી, તેઓ બહાર આવી શકતાં નહિ, અને એથી તેમની સંખ્યા ઓછી ને ઓછી જ થતી ચાલી. બીજી એક જાણવા જેવી બાબત છે એ એમ બતાવે છે કે આવાં પ્રાણીઓ આજુબાજુના વાતાવરણને અનુસરવા લાગ્યાં. તેં લંડનના સંગ્રહસ્થાનમાં જોયું છે કે કેવી રીતે પશુઓ તેમજ પક્ષીઓ ઠંડા પ્રદેશોમાં કે જ્યાં હંમેશાં બરફ હોય છે ત્યાં બરફ જેવાં ધોળાં થઈ જાય છે. જ્યાં લીલોતરી હોય છે ત્યાં તેમનો રંગ લીલો અથવા એવો જ કોઈ

બીજી જાતનો ચક્ચકિત બને છે, તે એ જ બતાવે છે કે પ્રાણીમાત્ર આજુબાજુના વાતાવરણને અનુસરે છે. તેઓ પોતાના રક્ષણાર્થે પોતાના રંગ બદલે છે, અને આજુબાજુના વાતાવરણના જેવો કરી મૂકે છે. તેઓને ઠંડા પ્રદેશમાં શરીરમાં ગરમી રહેવા માટે અમુક જાતની રૂવાંટી (Fur) ઉગે છે. તેવી જ રીતે વાઘ પીળો અને ચટાપટાવાળો છે. એ રંગ જંગલમાં ઝાડમાંથી પસાર થતા અજવાળા જેવો છે. આથી જ ગીચ જંગલમાં વાઘને શોધી કાઢવો મુશ્કેલ છે.

પશુઓ આજુબાજુના વાતાવરણને અનુસરે છે એ બહુ અગત્યની ચીજ છે. અલબત્ત, તેઓ પોતાની મેળે બદલાવા પ્રયત્ન કરતાં નથી, પણ જેઓ પોતાની મેળે બદલાઈ વાતાવરણને અનુસરે છે, તેમને જીવવાને વધારે સારી તક છે. આથી તેઓની સંખ્યા બીજાં કરતાં વધે આમાંથી આપણને ઘણું જાણવાનું મળે છે. તે એમ પણ સમજાવે છે કે નાનાં પ્રાણીઓ મોટી જાતનાં પ્રાણીઓમાં અને લાખો વર્ષો પછી મનુષ્યના રૂપમાં ફેરવાયાં. આપણી જિંદગી ટૂંકી હોવાને લીધે અને જે ફેરફારો થાય છે તે ઘણા ધીમા થવાને લીધે આપણે એ ફેરફારો બરાબર જાણી શકતા નથી; પરંતુ કુદરત તો હંમેશાં આરામ સિવાય ફેરવાતી જ જાય છે.

તને યાદ હશે કે પૃથ્વી ઠંડી ને ઠંડી થતી જ ગઈ. જેમ જેમ તે ઠંડી પડતી ગઈ તેમ તેમ તેની આબોહવામાં પણ

ફેરફાર થતો જ ગયો. તેની સાથે બીજી કેટલીક વસ્તુઓ પણ ફેરવાઈ. આની સાથે પ્રાણીઓ પણ ફેરવાયાં, એટલું જ નહિ પરંતુ નવા પ્રાણીઓની પણ ઉત્પત્તિ થઈ. પહેલાં સાદાં દરિયાઈ પ્રાણીઓ હતાં, પછી મોટાં મોટાં પ્રાણીઓ હયાતીમાં આવ્યાં. પછી જેમ જમીનમાં વધારો થયો તેમ એવાં કેટલાંક પ્રાણીઓ આવ્યાં કે જે જમીન ઉપર તેમજ પાણીમાં પણ રહેવા લાગ્યાં. (જેવાં કે મગર અથવા દેડકાં) આ પછી એવાં કેટલાંક પ્રાણીઓ આવ્યાં કે જે એકલાં જમીન ઉપર રહેવા લાગ્યાં. પછી પક્ષીઓ આવ્યાં કે જેઓ સહેલાઇથી હવામાં ઊડી શક્યાં.

મેં તને દેડકાની વાત કરી. કેવી રીતે દરિયાઈ પ્રાણીઓ જમીન ઉપર રહેતાં થયાં તે એ બતાવે છે. દેડકાની પહેલી સ્થિતિ માછલી જેવી હોય છે અને પાછળથી તે જમીન ઉપર રહેવા લાયક બને છે, અને જમીન ઉપર રહેનારાં બીજાં પ્રાણીઓની માફક ફેફસાંથી શ્વાસ લે છે.

જ્યારે જમીન ઉપર જિંદગીની શરુઆત થઈ ત્યારે ત્યાં પહેલાં પુષ્કળ જંગલો હતાં. આ જંગલો ગમે તે કારણથી દબાઈ ગયાં, અને પર્વતો તથા પૃથ્વીના દબાણથી તેનો કોલસો બની ગયો તું જાણે છે કે આપણે કોલસો જમીનમાંથી મેળવીએ છીએ. આ ખાણો જુના વખતની છે.

જમીન ઉપર રહેનારાં પહેલાંનાં પ્રાણીઓમાં સાપ, મોટી

મોટી ગરોળીઓ, તેમજ મગર હતાં. આમાંનાં કેટલાંક તો સો સો ફૂટ લાંબાં હતાં. સાપ અથવા ગરોળી જે સો ફૂટ લાંબી હોય તેની કલ્પના કર ! તને લંડનના સંગ્રહસ્થાનમાં જોએલા આવા અવશેષો યાદ છે ?

પછીથી લગભગ અત્યારનાં પ્રાણીઓને મળતાં પ્રાણીઓ આવવા લાગ્યાં. પહેલાં વાંદરાની ઉત્પત્તિ થઇ. આપણી પ્રજાની ઉત્પત્તિ આમાંથી થઈ એમ ઘણા લોકોનું માનવું છે. આ એમ બતાવે છે કે દરેક પશુ આજુબાજુના વાતાવરણને અનુસરી સુધરવા લાગ્યું. તેથી માણસ પણ પહેલાં એક સારી જાતનું વાંદરૂં હતું. અત્યારે મનુષ્ય પોતાને પશુઓથી એકદમ જુદો જ માને છે; પરંતુ આપણે વાંદરાની જાતના જ છીએ એમ માનવું ઘણું જ સારું છે. અત્યારે પણ આપણામાંના ઘણા વાંદરાની માફક જ વર્તે છે !

૬ . . . . મનુષ્ય

આપણે છેલ્લા પત્રમાં જોયું કે કેવી રીતે આ પૃથ્વી ઉપર જિંદગીની શરુઆત થઈ અને લાખો વર્ષ પછી અત્યારની સ્થિતિ આવી. આપણે એક રમુજી તેમજ ઘણો અગત્યનો સિદ્ધાંત જોયો કે પશુઓ આસપાસના વાતાવરણને અનુસરે છે. આમ થવાના પરિણામે બીજી ઘણી જ જાતો અને વધારે વિચિત્ર જાતનાં પ્રાણીઓ ઉત્પન્ન થયાં છે. આપણે આ તફાવત ઘણા રૂપમાં જોઈએ છીએ. દાખલા તરીકે–પહેલાંનાં પ્રાણીઓને બિલકુલ હાડકાં હતાં નહિ, અને હાડકાં વિના ચાલે નહિ એટલે તેમને હાડકાં આવ્યાં. જે પહેલું હાડકું તેમને આવ્યું તે પાછળનું હાડકું હતું. આવી રીતે પશુઓના બે વિભાગ પડયા : એક હાડકાંવાળાં અને બીજાં હાડકાં વિનાનાં અત્યારે તો પ્રાણીમાત્રને હાડકાં છે.

આપણને માછલી જેવાં સાદાં પ્રાણીઓ ઇંડાં મૂકતાં મળી આવે છે. તેઓ એકી વખતે હજારો ઇંડાં મૂકે છે, પરંતુ મૂકયા

પછી એની પાછળ જોતી જ નથી. મા પોતાનાં બચ્ચાંની બિલકુલ સંભાળ રાખતી જ નથી ! તે ફક્ત ઈંડાં મૂકી જતી રહે છે અને ત્યાં પાછી આવતી જ નથી. પાછળ ઈંડાંની દેખરેખ રાખનાર કોઈ નહિ હોવાથી તેમાંનાં ઘણાંખરાં નકામાં થઈ જાય છે, અને થોડાંમાંથી જ માછલીઓ પેદા થાય છે. શું આ ખોટ મોટી નથી ? આપણે મોટાં પ્રાણીઓ જોઈએ તો આપણને માલમ પડશે કે તેમનાં ઈંડાં અથવા બચ્ચાં થોડાં હોય છે તો પણ તેઓ તેની બરાબર સંભાળ રાખે છે.

મરઘી પણ ઈંડાં મૂકે છે પણ તે તેની ઉપર બેસીને સેવે છે. જ્યારે તેમાંથી નાનાં બચ્ચાં પેદા થાય છે ત્યારે કેટલોક વખત તેમની સંભાળ રાખે છે અને ખોરાક લાવીને તેમને ખવરાવે છે.

ધવરાવનારાં પ્રાણીઓ ઈંડાં મૂકતાં નથી પણ બચ્ચાંની માતા પોતાની અંદર ઈંડાં રાખી પૂરેપૂરા બાળકને જન્મ આપે છે. આ વર્ગમાં કૂતરાં, બિલાડાં અથવા સસલાંનો સમાવેશ થાય છે. આ બચ્ચાંને દૂધ આપે છે અથવા તેમને ધવરાવે છે. અહીંયાં પણ ઘણું નુકશાન થાય છે. સસલું પુષ્કળ બચ્ચાંને અમુક મહિને જન્મ આપે છે, પણ આમાંનાં ઘણાં મરી જાય છે. હાથી જેવું મોટું પ્રાણી એક જ બાળકને જન્મ આપે છે પરંતુ તે પોતાના બાળક ઉપર ઘણી જ દેખરેખ રાખે છે.

આ રીતે તું જોઈશ કે જેમ પ્રાણીઓ મોટાં થતાં જાય છે.

તેમ તે ઈંડાં મૂકતાં નથી, પણ તેમના જેવાં જ નાનાં બચ્ચાંને જન્મ આપે છે. ઘણી વખત તો આવાં પ્રાણીઓ એક જ બાળકને જન્મ આપે છે. તું જોઈશ કે આવાં મોટાં પ્રાણીઓનો પોતાનાં બચ્ચાં ઉપર ઘણો જ પ્રેમ હોય છે. માણસ એ એક મોટામાં મોટું પ્રાણી છે, અને તને માલમ પડશે કે માતા તથા પિતા તેઓને વધારે ચાહે છે અને તેમની ઘણીજ સંભાળ રાખે છે.

આ રીતે નાનાં પ્રાણીઓમાંથી જ માણસ બનેલો હોવો જોઈએ. પહેલાં માણસો ભાગ્યે જ આજના જેવાં હશે. તેઓ અડધાં વાંદરાં જેવાં અને અડધાં માણસ જેવાં હોવાં જોઈએ. તેઓ સાધારણ રીતે વાંદરાની માફક જ રહેતાં. જર્મનીમાં આપણી સાથે આવતા પ્રોફેસર તને યાદ છે? તેણે અવશેષોથી ભરેલું અને ખાસ કરીને એક ખોપરી જે તેણે તીજોરીમાં રાખી હતી તેવું એક નાનું સંગ્રહસ્થાન બતાવ્યું હતું. એમ ધારવામાં આવે છે કે આ ખોપરી સૌથી પહેલાંના માણસની હતી. આપણે તેને 'હીડલબર્ગ (**Heidelberg**–જર્મનીનું શહેર) માણસ' તરીકે ઓળખીએ છીએ પરંતુ પહેલાં આવું કોઈ શહેર જ નહોતું.

જુના વખતમાં માણસો ભટકતાં. તે વખતે પ્રદેશ ઠંડો હતો. એ 'બરફની સદી' કહેવાતી; કારણકે ત્યાં પુષ્કળ બરફ હતો. બરફનાં મોટાં ગચિયાં–જેવાં અત્યારે ઉત્તર ધ્રુવ આગળ છે તેવાં–ઈંગ્લેન્ડ અને જર્મની ઉપર ધસી આવતાં. માણસોને

ત્યાં રહેવાનું બહુ કઠિન થઇ પડયું હશે. તેઓ જ્યાં બરફ ન હોય ત્યાં જ રહી શકતા. વૈજ્ઞાનિકો કહે છે કે પહેલાં ભૂમધ્ય સમુદ્ર જ ન હતો, પણ એક અથવા બે જુદાં સરોવરો હતાં રાતો સમુદ્ર પણ ન હતો, એ બધી જમીન હતી. હિન્દનો ઘણોખરો ભાગ ટાપુ હતો, અને પંજાબમાં તેમજ બીજા કેટલાક ભાગમાં પાણી હતું. દક્ષિણ હિન્દ અને મધ્ય હિન્દને હિમાલયમાંથી સમુદ્રે છુટો પાડેલો એક મોટો ટાપુ ધારો ! જો આમ હોત તો તારે મસુરી જતાં મોટા વહાણમાં બેસવું પડત !

જ્યારે માણસની પહેલવહેલી ઉત્પત્તિ થઈ હશે ત્યારે તે મોટાં પ્રાણીઓથી ઘેરાએલો હશે. અને એ એમની બીક વચ્ચે જ રહ્યો હશે. અત્યારે માણસ દુનિયાનો અધિપતિ છે. અને પશુઓ પાસે ધાર્યું કામ લે છે. ઘોડા, ગાય, હાથી કૂતરાં તથા બિલાડાં જેવાં પ્રાણીઓને માણસો પાળે છે. કેટલાંકને માણસો ખાવાના કામમાં લે છે જ્યારે વાઘ તથા સિંહનો આનંદ માટે શિકાર પણ કરે છે. પહેલાંના દિવસોમાં માણસ અધિપતિ ન હતો, અને એક ધવાએલા પ્રાણીની માફક મોટાં પશુઓથી દૂર રહેવા પ્રયત્ન કરતો. ધીમેધીમે તેની ચઢતી થઈ અને પશુઓના કરતાં પણ તે મજબૂત થયો. તે એટલો બધો શક્તિવાન શાથી થયો ? બાહુબળથી તે જીવતો નથી, કારણકે હાથી માણસના કરતાં ઘણો બળવાન છે તોપણ માણસ તેની પાસેથી ધાર્યું કામ કરાવે છે; પરંતુ ડહાપણથી તેમજ પોતાની મગજશક્તિથી જ તે કામ લે છે.

ખરેખર, ડહાપણથી જ મનુષ્ય બીજા પશુઓ કરતાં જુદો પડે છે. ડહાપણ વિનાના મનુષ્ય અને પશુ વચ્ચે બીલકુલ ફેર નથી.

પહેલી મોટામાં મોટી જે શોધ માણસોએ કરી તે અગ્નિની હતી. આપણે અત્યારે દિવાસળીથી અગ્નિ પેદા કરીએ છીએ; પરંતુ દિવાસળી એ અત્યારની જ શોધ છે. પહેલાંના વખતમાં તણખા ન ઝરે ત્યાં સુધી બે પત્થરો ઘસીને જ અગ્નિ પેદા કરવામાં આવતો. પછી તે તણખો સૂકા ઘાસને, રૂને અથવા બીજી કોઇ સૂકી વસ્તુને અડાડી અગ્નિ પેદા કરવામાં આવતો. કેટલીક વખત જંગલમાં આવીજ રીતે અથવા આવી કોઈ બીજી રીતે અગ્નિ પેદા થતો અને દાવાનળ સળગતો. પશુઓ આ સમજવાને અજાણ હતા; પણ માણસ વધારે હોશિયાર હોવાથી તેનો ઉપયોગ જોઈ શકયો. શિયાળામાં તેનાથી ગરમી મળી અને મોટાં મોટાં પશુઓ પણ તેની બીકથી નાસવા લાગ્યાં. જ્યારે એક વખત અગ્નિ શરૂ થતો ત્યારે માણસ તેમાં સૂકી વસ્તુઓ નાંખી તેને ચાલુ રખાતા. ધીમે ધીમે તેમણે શોધી કાઢેલું હોવું જોઈએ કે માણસ પોતાની જાતે પણ બે વસ્તુઓ ઘસીને અથવા એવી જ બીજી કોઇ અગ્નિ પેદા કરી શકે. આ તેઓએ મોટી શોધ કરી અને આને લીધે તેઓ બીજા પશુઓ ઉપર કાબુ મેળવવાને શક્તિવાન બન્યા. ત્યાર પછી મનુષ્ય દુનિયાનાં આધિપત્ય માટે શક્તિવાન બનતો ગયો.

૭ . . . . પહેલાંના માણસો

આપણે છેલ્લા પત્રમાં જોયું તે પ્રમાણે માણસ અને પશુ વચ્ચે ખાસ ફેર તે માણસનું ડહાપણ હતું. આ ડહાપણને લીધે જે મોટાં પ્રાણીઓ તેમનો નાશ કરત તેમના કરતાં તેઓ વધારે શક્તિવાન અને હોશિયાર બન્યા. જેમ તેમનું ડહાપણ વધ્યું તેમ તેમનું બળ પણ વધ્યું. પહેલાં માણસો પાસે તેમના શત્રુઓની સામે થવા માટે હથિયાર નહોતાં. તેઓ ફક્ત તેમના તરફ પથ્થરો જ ફેંકી શકતા. પછી એ લોકોએ પથ્થરની કુહાડીઓ તેમજ ભાલા બનાવ્યા.

આપણે આવાં પુષ્કળ હથિયારો લંડનનાં અને જીનીવાનાં સંગ્રહસ્થાનોમાં જોયાં હતાં.

પછી ધીમે ધીમે બરફની દુનિયાને નાશ થયો. એશિયા-માંથી તેમજ યુરોપમાંથી પણ બરફ નાશ પામ્યો. અને જેમ

જેમ હવા ગરમીને લીધે માફક થવા લાગી તેમ તેમ માણસોનો વસવાટ શરૂ થતો ગયો.

તે દિવસોમાં ઘર અથવા બીજી કોઈ જાતનાં મકાનો હતાં નહિ. લોકો ગુફામાં રહેતા. ત્યાં ખેતીનું નામનિશાન પણ હતું નહિ. માણસો ફળ, સોપારી તથા પ્રાણીઓ મારી ખાઈને પેટ ભરતા. તે લોકો પાસે રોટલી તથા ચોખા હતા નહિ, કારણકે તે લોકો ખેતી કરતા નહિ. તે લોકો રાંધી જાણતા નહિ, પણ કદાચ તેઓ કાચું માંસ ખાલી શેકીને ખાતા તેઓ પાસે વાસણ પણ ન હતાં.

એક બહુ વિચિત્ર વાત છે. તે લોકો ચિત્રકળા જાણતા. અલબત્ત, તેઓ પાસે કાગળ, સીસાપેન અથવા પીંછી હતી નહિ, પણ તેઓ પાસે પથ્થરની સોયો અને બીજાં કેટલાંક અણીદાર હથિયાર હતાં. એના વડે તેઓ લીટા દોરતા અથવા ગુફાની દિવાલો ઉપર પશુઓનાં ચિત્રો દોરતા. તેમાંનાં કેટલાંક ચિત્રો તો ઘણાં જ સારાં છે. પરંતુ તેમાંનાં ઘણાંખરાં પાર્શ્વ-ચિત્રો છે તે દોરવાં સહેલાં છે. ગુફાઓ કાળી હશે એટલે તે ઉપર ચિતરવાને તેઓ કોઇ ધોળો પદાર્થ વાપરતા હોવા જોઈએ.

ઉપર વર્ણવેલા માણસો પથ્થર–યુગના (Stone-age) માણસો કહેવાય છે, કારણકે તે વખતે પથ્થરનાં હથિયાર બનતાં. ધાતુનો ઉપયોગ કેવી રીત કરવો એ તેઓ જાણતા

નહિ. અત્યારે ઘણીખરી વસ્તુઓ ધાતુની બનેલી હોય છે, અથવા તો લોઢાની જ બનેલી હોય છે. પરંતુ લોઢું અથવા તાંબું એ તેમની જાણ બહાર હતું, અને પથ્થર કે જેની ઉપર કામ કરવું બહુ જ મુશ્કેલ છે તેનો તેઓ ઉપયોગ કરતા.

'પથ્થર–યુગ'ના અંત પહેલાં તો દુનિયાની આબોહવા બદલાઈ ગઈ, અને વધારે ગરમ બની. બરફના મોટા પર્વતો ઘણે દૂર જતા રહ્યા, અને મધ્ય એશિયા તથા યુરોપમાં ગીચ જંગલો ઊગ્યાં. આ જંગલોમાં એક નવી જાત વસતી માલમ પડી. આ લોકો 'પથ્થરની સદી' ના માણસો કરતાં ઘણી બાબતોમાં વધારે હોશિયાર હતા. આ લોકોએ પણ પથ્થરનાં હથિયાર બનાવવાં ચાલુ રાખ્યાં. તેઓ '**પથ્થરની સદી**'નાં માણસોને મળતાં હતાં. પાછળથી તેઓ "નૂતન પાષાણ–યુગ" નાં (New Stone Age) માણસો કહેવાયાં.

આ નવા માણસોમાં ઘણી પ્રવૃત્તિ માલમ પડે છે. માણસનું ડહાપણ બીજાં પ્રાણીઓ સાથે સરખાવતાં ઘણું જ ઊંચે જતું માલમ પડે છે. આ લોકોએ ખેતી કરવાની ઘણી જ મોટી શોધ કરી. તેઓએ ખેતરોમાં ખેડવું શરુ કયુ અને પાક લેવા માંડયો. એ લોકો માટે આ ઘણી જ સારી વાત હતી. પ્રાણીઓના શિકાર સિવાય બીજી કોઈ સહેલી રીતે તેઓ તેમનો ખોરાક મેળવી શકતા નહિ. આથી એ લોકોને ઘણી

નવરાશ મળી અને થાક ખાવાનો તેમજ વિચાર કરવાનો અવકાશ મળ્યો. જેમ જેમ તેમને નવરાશનો વધારે વખત મળવા લાગ્યો તેમ તેમ તેમણે નવી વસ્તુઓની શોધ કરવા માંડી. તેઓએ માટીનાં વાસણ બનાવવાં શરુ કર્યાં, અને તેમાં તેમનો ખોરાક પકાવવો શરુ કર્યો. પથ્થરોનાં હથિયાર વધારે સારાં, સુંદર અને સફાઈદાર બનાવવામાં આવ્યાં. તે લોકોએ ગાય, કૂતરાં, ઘેટાં, બકરાં વગેરે પશુઓને પણ પાળવાં શરુ કર્યાં. કેવી રીતે કાપડ વણવું તે પણ તેઓ શીખ્યા.

તે લોકોએ ઘરોમાં અથવા ઝુંપડાંમાં રહેવા માંડયું. ઘણી વખત આ ઝુંપડાં સરોવરની મધ્યમાં બનાવવામાં આવતાં, કે જેથી જંગલી પ્રાણીઓ તેમજ બીજા લોકો તેમના ઉપર હુમલો ના કરી શકે. આથી આ લોકો સરોવરવાસી (**lake-dwellers**) કહેવાતા.

તને નવાઇ લાગશે કે આપણે આ લોકો વિષે આટલું બધું શી રીતે જાણીએ છીએ? અલબત્ત, તેઓએ એક પણ ચોપડી નથી લખી. પરંતુ મેં તને પહેલેથી જ જણાવ્યું છે કે આપણે એ લોકોનો ઈતિહાસ કુદરત દ્વારા જ શીખવાનો છે. આ બધું જાણી લેવું એ સહેલું નથી. તેમાં માણસની ઘણી ધીરજ જોઈએ છીએ ઘણા માણસોએ તેમની જિંદગી આ જાણવામાં ગાળી છે અને કેટલાય અવશેષો તેમજ જૂની વસ્તુઓ ભેગી કરી છે. આવા અવશેષો તેમજ ' નૂતન પાષાણ

યુગનાં પથ્થરોનાં સફાઈદાર હથિયારો સંગ્રહસ્થાનમાં ભેગાં કરવામાં આવ્યાં છે. તેં પોતે જ આમાંની ઘણી ચીજો જોએલી છે, પરંતુ તેમાંની ઘણીખરી તું ભૂલી ગઈ હોઈશ. ફરીથી તે ચીજો તું જએ તો તેની તને બરાબર સમજણ પડે.

મને યાદ છે કે જીનીવાના સંગ્રહસ્થાનમાં સરોવરના રહેઠાણનો એક સુંદર નમુનો છે. લાકડાના મોટા થાંભલા સરોવરમાં રોપવામાં આવ્યા છે અને તેમની ઉપર લાકડાનો સાદો ચોરો (pletform) બનાવવામાં આવ્યો છે. એ સપાટ જમીન ઉપર ઝુંપડું બાંધવામાં આવ્યું છે, અને આ બધું એક નાના પૂલ સાથે જોડી દેવામાં આવ્યું છે.

આ લોકો પશુઓનાં ચામડાંનાં અથવા ખરબચડા શણનાં કપડાં પહેરતાં.

આ લોકોએ પછી ધીમે ધીમે પ્રગતિ કરવા માંડી. તેઓએ તાંબા પિત્તળનાં હથિયાર બનાવવાં શરુ કર્યાં. તાંબુ એ પિત્તળ અને કલાઈનું મિશ્રણ છે, અને એ બેમાંથી ગમે તેના કરતાં મજબૂત છે. એ લોકોએ સોનું પણ વાપરવા માંડયું અને તેનાં ઘરેણાં પણ બનાવવા માંડયાં!

આ લોકો લગભગ દશ હજાર હર્ષ પહેલાંનાં હશે. આ લોકોની ચોક્કસ તારીખ આપણે જાણતા નથી. આ બધું અનુમાન છે. તું જોઇ શકીશ કે અત્યાર સુધી આપણે લાખો વર્ષો પહેલાંની વાત કરતા હતા, અને હવે આપણે પાસે ને


પાસે આવતા જઈએ છીએ. એ લોકો અને આપણી વચ્ચે બહુ તફાવત નથી. આ બધા ફેરફાર કુદરતના નિયમ પ્રમાણે જ ધીમે ધીમે થયા. જુદી જદી જાતો પેદા થઈ અને દરેક જાત પોતાને જુદે રસ્તે ગઇ અને જુદા પ્રકારનું જીવન ગાળવા લાગી. દુનિયાના દરેક ભાગની આબોહવા જુદી હોવાથી જુદા જુદા લોકોને તેને અનુસરવું પડયું અને દરેક જાત જુદા જુદા રૂપમાં ફેરવાઈ ગઈ. આ વિષે આપણે પછી વાત કરીશું.

લગભગ આ લોકોના અંત વખતે એક મોટો અકસ્માત બન્યો. મેં તને કહ્યું છે કે એ વખતે ભૂમધ્ય એ સમુદ્ર ન હતો; ત્યાં સરોવરો હતાં અને એમાં ઘણાં માણસો રહેતાં. એકાએક જીબ્રાલ્ટર પાસેની જમીન ધોવાઈ ગઈ અને આટલાંટિક મહાસાગરનું પાણી ભૂમધ્ય સમુદ્રની નીચી ખીણમાં વહી ગયું. આ રીતે અંદરનાં માણસોનો નાશ થયેલો હોવો જોઈએ. તેઓ કોઈપણ જગ્યાએ નાસી નહિ શકયાં હોય કારણ કે હજારો માઈલ સુધી પાણી હતું. આટલાંટિક મહાસાગનું પાણી ખીણ ભરાતાં સુધી અંદર ને અંદર ગયું અને છેવટે ભૂમધ્ય સમુદ્ર હયાતીમાં આવ્યો.

તેં આ મોટી રેલ વિષે સાંભળ્યું વશે અને કદાચ વાંચ્યું પણ હશે. બાઈબલમાં પણ તેનો ઉલ્લેખ છે. બીજાં સંસ્કૃત પુસ્તકોમાં પણ તેનો ઉલ્લેખ છે. આ મોટા અકસ્માતમાં જે થોડાં ઘણાં બચી ગયાં હશે તેમણે પોતાનાં છોકરાંને આ વાત કહી હશે. તે છોકરાંઓએ વળી આ વાત પોતાનાં છોકરાંઓ કરી હશે, અને આમ આખી વાત બહાર આવી હશે.



જૂના કાળમાંનું પેટે ચાલનાર એક પ્રાણી



ચીનની મોટી દિવાલ

૮ . . . . . જુદી જુદી જાતોનું બંધાવું

આપણે છેલ્લા પત્રમાં 'નૂતન પાષાણ–યુગ'ના મનુષ્યો કે જે સરોવરમાં ઘરો બાંધતા તેમની વાત જાણી. આપણે એમ પણ જાણ્યું કે તે લોકો ઘણી બાબતમાં આગળ વધી ગયા હતા. તેઓ ખેતીવાડીનું કામ જાણતા. તેઓ ખોરાક પકવતાં શીખ્યા અને પોતાના ઉપયોગ માટે કેટલાંક પશુઓને પાળવા લાગ્યા. આ બધી વાત હજારો વર્ષ પહેલાંની છે, તેથી આપણે તે વિષે વધારે જાણતા નથી. પરંતુ અત્યારની ઘણી જાતો આ લોકો ઉપરથી જ ઉતરી આવી છે. અત્યારે આપણને ધોળા, ભૂખરા, કાળા અને પીળા પણ મનુષ્યો મળી આવે છે. પણ ખરી રીતે માણસ જાતના આ રીતે ચાર ભાગ પાડવા એ સહેલું નથી. જુદી જુદી જાતો અત્યારે મિશ્ર થઈ ગઈ છે તેથી તેમાંની ઘણી કયા ભાગમાં આવે એ કહેવું મુશ્કેલ છે. વૈજ્ઞાનિકો મનુષ્યનાં માથાં માપે છે અને આ રીતે તેઓ કેટલીકવાર જાત ઓળખી કાઢે છે. એ જાણવાને બીજા પણ કેટલાક રસ્તા છે.

આ જુદી જુદી જાતો કેવી રીતે હયાતીમાં આવી ? જો તેઓ એક જ જાતના લોકોમાંથી ઉતરી આવી હોય તો તે એકબીજાથી આમ આટલી બધી શાથી જુદી પડે છે? તું જાણે છે કે સીદી એ જર્મનથી ઘણો જુદો છે. એક કાળો છે જ્યારે બીજો સુંદર છે. જર્મનના વાળ આછા રંગના અને લાંબા છે જ્યારે સીદીના વાળ કાળા, ટૂંકા અને ગુંચળાવાળા છે, એનો રંગ આ બેઉથી જુદો પડે છે. આ ફેરફાર શી રીતે થયા એ કહેવું અઘરું છે. પરંતુ આનાં કેટલાંક કારણો આપણે જાણીએ છીએ. મેં તને કહી દીધું છે કે પશુઓ જેમ જેમ આસપાસના વાતાવરણને અનુસરવા લાગ્યાં તેમ તેમ તેમનામાં ફેરફાર થવા માંડયો. એમ કદાચ હોઈ શકે કે જર્મન અને સીદી જુદી જુદી જાતો ઉપરથી ઉતરી આવેલા હોય, પણ કેટલીક વખત તે એકજ વંશના પણ હોય. આથી આ ફેરફાર વાતાવરણને અનુસરવાને લીધે થયો હોય અથવા કેટલાંક પશુઓની માફક જલદી વાતાવરણને અનુકૂળ બન્યા હોય.

આ રીતે કોઈ છેક ઉત્તરમાં રહેનાર માણસની ઠંડી સહન કરવાની શક્તિ ખીલશે. 'એસ્કવીમો' (Esquimo) નામના લોકો હજુ પણ ઉત્તરના બરફના મેદાનમાં જ રહે છે અને પુષ્કળ ઠંડી સહન કરી શકે છે. જો આપણે તેમને આપણા જેવા ગરમ પ્રદેશમાં લાવીએ તો ઘણું કરીને તેઓ મરી જાય. અને તેઓ બધી દુનિયા કરતાં જુદી જ જગ્યાએ

રહેનાર હોવાથી અને કઠણ જિંદગી ગાળનારા હોવાથી દુનિયાના બીજા ભાગના લોકો જેટલું શીખ્યા છે તેટલું તેઓ શીખ્યા નથી. આફ્રિકાના લોકો તથા વિષુવવૃત આગળ રહેનારા લોકો ગરમીથી ટેવાઈ ગએલા હોય છે. અને સૂર્યનો સખત તાપ તેમને રંગે કાળા બનાવી દે છે. તું જાણે છે કે જો તું તારો વધારે વખત દરિયા કિનારે સૂર્યમાં ગાળું તો તું પહેલાંના કરતાં વધારે શ્યામ પડી જાઉં. જો તું થોડાંક જ અઠવાડિયાં સૂર્યના તાપમાં રહેવાથી વધારે શ્યામ થાઉં તો જે હંમેશાં આવા તપમાં રહેતા હશે તે કેટલા કાળા હશે ? અને પુષ્કળ વર્ષો સુધી જો માણસો ગરમ પ્રદેશમાં રહે તો તેમના પુત્રો અને પ્રપૌત્રો કાળા ને કાળા જ પડતા જાય. તેં ખરા બપોરે હિન્દના ખેડૂતને કામ કરતો જોયો છે. તેની પાસે પહેરવા કપડાં નથી હોતાં, કારણ કે તેની બહુ જ ગરીબ હાલત હોય છે. તેનું આખું શરીર ઉઘાડું હોય છે અને તેની આખી જિંદગી આની આ જ રીતે જાય છે, તેથી તે કાળો પડે જ.

આથી આપણને માલૂમ પડે છે કે આબોહવાને લીધે જ માણસોના રંગમાં ફેરફાર થાય છે. જો કોઈ ગોરો માણસ લાંબો વખત ગરમ પ્રદેશમાં રહે અને સૂર્યના ઢાંકણ માટે વ્યવસ્થા ન કરે તો જરૂર તે કાળો પડે. તું જાણે છે કે આપણે કાશ્મીરીઓ છીએ અને ૨૦૦ વર્ષ પહેલાં આપણા બાપદાદાઓ પણ કાશ્મીરમાં જ રહેતા. તને કાશ્મીરમાં મજૂર તેમજ ખેડૂત પણ રંગે બહુ જ સુંદર લાગશે. આનું કારણ

કાશ્મીરની ઠંડી આબોહવા છે. પરંતુ આજ કાશ્મીરીઓ જ્યારે હિન્દના બીજા ગરમ વિભાગમાં આવે છે ત્યારે રંગે કાળા પડતા જાય છે. આપણા કેટલાય કાશ્મીરી મિત્રો સફેદ છે જ્યારે બીજા કેટલાક તદ્દન કાળા છે. જેમ લાંબો વખત એક કાશ્મીરી કુટુંબ ગરમ પ્રદેશમાં રહે છે તેમ તેનો રંગ વધારે કાળો બનતો જાય છે.

આ રીતે આબોહવા એ રંગનું મૂખ્ય કારણ છે. અલબત્ત, એમ પણ બને કે કેટલાક માણસો ગરમ પ્રદેશમાં રહેવા છતાં પણ બહાર કામ કરતા નથી અને મોટાં ઘરોમાં રહે છે; આથી તે લોકોનો રંગ બદલાતો નથી. આવું એક પૈસાદાર કુટુંબ ગરમ પ્રદેશમાં રહેવા છતાં પણ રંગે બદલાતું નથી. પરંતુ પોતે કામ ન કરવું અને બીજાના કામ ઉપર જીવવું એમાં કંઇ મગરૂબ થવા જેવું નથી.

હિન્દના ઉત્તર ભાગમાં તને સુંદર લોકો માલમ પડશે. પણ જેમ તું દક્ષિણમાં જઈશ તેમ તેમ ત્યાંના લોકો વધારે કાળા માલમ પડશે. મદ્રાસમાં તો લોકો તદ્દન કાળા છે. જેમ જેમ આપણે દક્ષિણમાં જઈએ છીએ તેમ તેમ આપણે વિષુવવૃતની નજીક જઈએ છીએ અને તેથી રંગમાં ફેરફાર થાય છે. રંગ બદલવાનું આજ ખરું કારણ છે. આપણે આગળ જોઈશું કે આ ફેર મૂળ જાતને લીધે પણ છે. હિન્દમાં ઘણી જાતો આવી છે અને જુદા રહેવાના પ્રયત્ન કરવા છતાં પણ તે ભેગી થઈ ગઈ છે. અમુક હિન્દી અમુક જ જાતનો છે એમ કહેવુ અઘરું છે.

૯ . . . મનુષ્યની જાતિ અને ભાષાઓ

પૃથ્વીના કયા ભાગમાં માણસ પહેલાં હયાતીમાં આવ્યો તથા તેણે પહેલાં કયાં વસવાટ કર્યો તે આપણે કહી શકીએ નહિ. કદાચ માણસો થોડે ઘણે અંશે એકજ વખતે હયાતીમાં આવ્યા હશે. એ બનવા જોગ છે કે જ્યારે 'બરફ–યુગ'નો અંત આવ્યો અને મોટા મોટા બરફના પર્વતો ઉત્તર તરફ જવા લાગ્યા ત્યારે માણસો ગરમ પ્રદેશમાં રહેતા. જ્યારે ત્યાંથી બરફ જતો રહ્યો હશે ત્યારે ત્યાં મોટાં મોટાં ઘાસનાં મેદાન થઇ ગયાં હશે. આ પ્રદેશની આજુબાજુ લોકો ભટકતા, કારણ કે તેમને ઢોર માટે ઘાસની જરૂર પડતી. આ લોકો હંમેશાં ભટકતા. અત્યારે પણ આવા લોકો ઘણા દેશોમાં માલુમ પડી આવે છે.

લોકો નદીઓ પાસે વસ્યા હશે, કારણ કે નદીઓ પાસેનો પ્રદેશ ખેતીવાડી માટે ઘણો જ ફળદ્રુપ હતો. ત્યાં પાણીની તંગી ન હતી અને તેથી જમીન ઉપર પાક લેવાને સરળ પડતું. આથી આપણે ધારીએ છીએ કે હિન્દમાં આ લોકો સિંધુ તેમજ ગંગા નદીના પ્રદેશ આગળ વસ્યા હશે. મેસો-પોટિમીઆમાં યુફ્રેટીસ અને તૈગ્રીસ નદી આગળ વસ્યા હશે;

ઈજીપ્તમાં નાઈલ નદી આગળ અને આવી જ રીતે ચીનમાં વસ્યા હશે.

હિન્દમાં સૌથી પહેલી પ્રજા વિષે જો આપણે જાણતા હોઈએ તો તે દ્રાવિડીઅન છે. પછીથી આર્યો અને પૂર્વમાં મેંગોલીઅને આવ્યા. અત્યારે પણ દક્ષિણ હિન્દમાં દ્રાવિડીઅનના વંશજો છે. તે લોકો ઉત્તર હિન્દના લોકો કરતાં રંગે વધારે કાળા છે, કારણ કે દ્રાવિડીઅન લોકો કદાચ વધારે વખતથી હિન્દમાં રહેતા હશે. આ લોકો બહુ જ આગળ વધેલા હતા. તેમને પોતાની ભાષા હતી અને તેઓ બીજા લોકો સાથે વેપાર ચલાવતા. પણ આપણે હજુ ઘણું આગળ જવાનું છે.

તે દિવસોમાં મધ્ય અને પશ્ચિમ એશિયા અને પૂર્વ યુરોપમાં એક નવી જાત ઉત્પન્ન થતી હતી. સંસ્કૃતમાં 'આર્ય' નામે શબ્દ છે કે જેનો અર્થ સદ્‌ગૃહસ્થ થાય છે. આર્યોની ભાષા સંસ્કૃત હતી એટલે આ ઉપરથી એમ માલમ પડે છે કે તેઓ પોતાની જાતને ઘણી જ ઊંચી માનતા. તેઓ અત્યારના લોકો જેવા જ ખોટા અભિમાની હતા. તું જાણે છે કે અંગ્રેજ પોતાની જાતને પૃથ્વી ઉપર સાૈથી પહેલા નંબરની ધારે છે, તેવી જ રીતે જર્મન, અમેરિકન અને બીજાઓ એજ પ્રમાણે અનુમાન કરે છે.

આ આર્યો ઉત્તર એશિયા અને યુરોપમાં મોટા ઘાસના મેદાનો ઉપર ફરી વળ્યા. પણ જેમ જેમ તેમની સંખ્યા વધતી ગઈ તેમ તેમ ત્યાંની આબોહવા વધારે સૂકી બનવા

લાગી. ઘાસ ઓછું થઈ ગયું, અને ખાવા માટે પુરતું અનાજ પણ બધાને મળવા ન લાગ્યું. આથી તેઓને બીજી જગ્યાએ ફરજીઆત ખસવાનું થયું. આથી તેઓ પોતાના ભરણ પોષણ માટે યુરોપમાં, હિન્દમાં, ઈરાનમાં એને મેસોપોટેમીઆમાં ફરી વળ્યા. આથી આપણને માલુમ પડે છે કે આ બધા દેશોના લોકો જુદા પડવા છતાં પણ તેઓ એકજ વંશના (આર્ય) છે. આ બહુ પહેલાંની વાત છે અને ત્યાર પછી કેટલાય બનાવો બન્યા છે અને કેટલીય જાતો એક બીજા સાથે ભળી ગઈ છે. આથી આર્યો એ એક મોટી પ્રજાના ઉત્પાદક બન્યા છે.

બીજી મોટી જાત મેંગોલીઅન છે. આ જાત આખા એશિયા ઉપર ફરી વળી. આ પીળી જાત પણ કહેવાય છે. અને તેમની આંખો ઝીણી હોય છે.

આફ્રિકાના અને બીજા કેટલાક દેશના લોકો સીદીઓ છે.તે આર્યો નથી તેમજ મેંગોલીઅન પણ નથી, અને વધારે કાળા છે.

અરબસ્તાન અને પેલેસ્ટાઈનના લોકો તદ્દન જુદી જ જાતના છે.

આ સર્વ જાતોમાંથી હજારો વર્ષ પછી નાની નાની બીજી જાતો ઉત્પન્ન થઈ, પરંતુ આ બાબત વિષે આપણે બહુ મહેનત લેવાની જરૂર નથી. જુદી જુદી જાતો પારખવાનો અગત્યનો રસ્તો એ છે કે આપણે તેમની ભાષાઓ શીખી લેવી. દરેક જાતને પોતાની જુદી ભાષા હતી. પરંતુ વખત જતાં એકજ ભાષામાંથી કેટલીય ભાષાઓ ઉત્પન્ન થઈ. આપણે

આમાંથી સર્વ સામાન્ય શબ્દો તરત જ ઓળખી કાઢી શકીએ અને દરેક ભાષા વચ્ચેનો સંબંધ જોઈ શકીએ.

જ્યારે આર્યો એશિયા અને યુરોપમાં પથરાઈ ગયા ત્યારે તેઓ એક બીજા સાથે સંબંધ રાખી શકયા નહિ. તે દિવસોમાં તાર, ટપાલ અથવા ચોપડીઓ પણ ન હતી. આથી આર્યોની દરેક ટોળીએ એકની એકજ ભાષા જુદી રીતે બોલવા માંડી, અને છેવટે એ ભાષા મૂળ ભાષાથી તદ્દન જુદી જ જાતની થઈ ગઈ. આ કારણથી આપણે અત્યારે દુનિયામાં આટલી બધી ભાષાઓ જોઈએ છીએ.

આપણને માલમ પડશે કે અત્યારે આટલી બધી ભાષાઓ છે પણ મૂળ ભાષાઓ તો બહુ જ થોડી છે. દાખલા તરીકે જ્યાં જ્યાં આર્યો ગયા ત્યાં ત્યાં મૂળ ભાષા તો પહેલાંની જ રહી. સંસ્કૃત, લેટીન, ગ્રીક, ઇંગ્લીશ, ફ્રેન્ચ, જર્મન, ઈટાલીઅન અને બીજી કેટલીક ભાષાઓનું મૂળ તો આર્ય ભાષા જ છે. આપણી પણ કેટલીક ભાષાઓ જેવી કે હિન્દી, ઉર્દુ, બંગાળી, મરાઠી અને ગૂજરાતી એ બધી સંસ્કૃત ભાષામાંથી ઉતરી આવી છે. આથી તેઓનું મૂળ આર્ય ભાષા જ છે.

આરબી તેમજ બીજી ભાષાઓ જુદા વર્ગમાં આવે છે.

તૂર્કી અને જાપાની જેવી ભાષાઓને એક પણ વર્ગમાં મૂકી શકાય નહિ. દક્ષિણ હિન્દની પણ કેટલીક ભાષાઓ જેવી કે તામીલ, તેલુગુ, મલાયન અને કાનડીને પણ એકેય વર્ગમાં મૂકી શકાય નહિ. આ બહુ જ પુરાણી ભાષાઓ છે.

૧૦ . . . . ભાષાઓનો સંબંધ

કેવી રીતે આર્યો જુદા જુદા દેશમાં ફરી વળ્યા અને પોતાની ભાષા ત્યાં લઈ ગયા તે વિષે આગણે જોયું. પણ જુદી જુદી જાતની આબોહવાએ દરેક ટોળામાં ઘણો ફેરફાર કરી દીધો. દરેક ટોળાના જુદા જુદા રીતરિવાજ થઈ ગયા. તેઓ બીજા દેશમાં બીજાં ટોળાને મળી શકતા નહિ, કારણ કે તે સમયમાં મુસાફરી કરવી એ બહુ મુશ્કેલ કામ હતું આથી દરેક ટોળું બીજાથી જુદું પડી ગયું. જો કોઈ ભાગના લોકો કંઈક નવું જાણતા તોપણ તેઓ બીજા લોકોને કહી શકતા નહિ. આથી ફેરફારો થતા ગયા અને આર્યોનાં કુટુંબ વહેંચાઈ ગયાં. કદાચ તેઓ એમ પણ ભૂલી ગયા કે તેઓ એક જ કુટુંબના છે.

આમ એક ભાષામાંથી ઘણી ભાષાઓ ઉત્પન્ન થઈ અને એક બીજાથી પુષ્કળ જુદી પડવા લાગી.

જો કે તેમાં આટલું બધું જુદાપણું હતું છતાં તેમાં કેટલીક સામ્યતાઓ છે. અત્યારે પણ હજારો વર્ષ પછી આપણે દરેક ભાષામાંથી સામાન્ય શબ્દો કાઢી શકીએ અને કહી શકીએ કે પહેલાં આ બધી ભાષાઓનું મૂળ એકજ હતું. તું જાણે છે કે આવા કેટલાય સામાન્ય શબ્દો ફ્રેન્ચ તેમજ ઇંગ્લીશ ભાષામાં છે. આપણે બે ઘરગથ્થુ શબ્દો જેવા કે " પિતા " અને " માતા " લઈએ. હિન્દી અને સંસ્કૃતમાં તે 'पिता' અને 'माता' છે; લેટિનમાં "પૅટર" (pater) અને "મૅટર" (mater) છે; ગ્રીકમાં "પૅટર" (pater) અને " મૅટર" (mater) છે; જર્મનમાં "વૅટર" (vater) અને "મુત્તર" (mutter) છે; ફ્રેન્ચમાં "પીઅર" (pere) અને "મીઅર" (mere) છે; અને આવી જ રીતે દરેક ભાષામાં છે. શું તેઓ બધા એકજ જાતના જણાતા નથી? એક ભાષામાંથી ઘણા શબ્દો બીજી ભાષામાં લેવાય છે. ઇંગ્લીશમાંથી ઘણા શબ્દો હિન્દીમાં આવી ગયા છે તેમજ હિન્દીમાંથી પણ ઇંગ્લીશમાં કેટલાક શબ્દો ગયા છે. પરંતુ " પિતા " અને " માતા " એ નવા શબ્દો હોઈ શકે નહિ. પહેલેથી જ પિતા અને માતા હશે અને તેમને માટે અમુક શબ્દો વપરાયા જ હશે તેથી પિતા અને માતા એ શબ્દો મૂળથી જ હશે. આથી આપણે કહી

શકીએ કે આ શબ્દોનું મૂળ એક જ હોવું જોઈએ. અને આ ઉપરથી આપણને માલમ પડે છે કે જે લોકો બીજા દેશોમાં આપણાથી ઘણે દૂર રહે છે અને જેઓ જુદી જુદી ભાષાઓ વાપરે છે તેઓ એક દિવસ એક જ કુટુંબના હોવા જોઈએ.

તને માલમ પડશે કે ભાષાઓનો અભ્યાસ કેવો આનંદ-દાયક છે અને તે આપણને કેટલું બધું શીખવે છે. જો આપણે ત્રણ કે ચાર ભાષાઓ જાણીએ તો બીજી ભાષાઓ શીખવાનું સહેલું થઈ જાય છે.

તેં એમ પણ જોયું છે કે આપણામાંથી ઘણા કે જે અત્યારે બીજા દેશમાં રહે છે તેઓ એક જ હતા. આપણે પછી ફેર-વાતા ગયા અને અત્યારે આપણે જુના સંબંધ પણ ભૂલી ગયા છીએ. દરેક દેશના લોકો એમ ધારે છે કે તેઓ સૌથી સારા અને વધારેમાં વધારે હોશિયાર છે અને બીજા લોકો તેમના જેટલા સારા નથી. અંગ્રેજ એમ ધારે છે કે તે અને તેનો દેશ સૌથી સુંદર છે, ફ્રાન્સનો માણસ પણ ફ્રાન્સ માટે ઘણો જ મગરૂબ છે; જર્મન અને ઇટાલીઅન પોતાના દેશને ઘણો જ સારો માને છે; અને ઘણા હિન્દીઓનું એમ પણ માનવું છે કે ઘણી રીતે જોતાં હિન્દ આખી દુનિયામાં સૌથી મોટો દેશ છે. આ બધું ખોટું છે. દરેક માણસ પોતાનું અને પોતાના દેશનું સારું ઈચ્છે છે; પરંતુ દરેક માણસનામાં કંઈક સારું હોય છે તેમજ કંઈક ખોટું પણ હોય છે. એવો કોઈ

પણ દેશ નથી કે જેમાં કંઈક સારું અને કંઈક ખોટું ન હોય. આપણે જ્યાં કંઈક સારું જોઈએ ત્યાંથી તે ગ્રહણ કરી લેવું જોઈએ અને ખરાબ છોડી દેવું જોઈએ. આપણે અત્યારે હિન્દ વિષે જ જોવાનું છે. દુર્ભાગ્યે એની દશા અત્યારે બહુ જ ખરાબ છે અને લોકો ગરીબ તેમજ દુઃખી છે. તેઓને તેમના જિવનમાં બીલકુલ મઝા નથી. આપણે એમને કેવી રીતે સુખી બનાવી શકીએ તે શોધી કાઢવાનું છે. આપણે આપણામાં શું સારું છે તે જોઈ તે રાખી મૂકવાનું છે અને આપણામાં જે ખરાબ હોય તે સદાને માટે છોડી દેવાનું છે. જો આપણને બીજા દેશોમાં કંઈક સારું માલમ પડે તો તે આપણે લઈ લેવાનું છે.

એક હિન્દી તરીકે આપણે હિન્દમાં રહી હિન્દ માટે કામ કરવાનું છે. પરંતુ આપણે એ ભૂલી ન જવું જોઈએ કે આપણે બધા એક મોટા કુટુંબના છીએ અને બીજા દેશના લોકો પણ આપણા ભાઈ સમાન છે. જો દુનિયાના બધા લોકો સુખી અને સંતોષી હોત તો કેવું સુંદર થાત! આથી આપણે આખી દુનિયાને સુખી કરવા પ્રયત્ન કરવાનો છે.

૧૧ . . . . સંસ્કૃતિ એટલે શું?

હું તને પહેલાંની પ્રગતિ વિષે કંઈક કહેવા માગું છું. પણ હું આ કહું તે પહેલાં પ્રગતિ એટલે શું એ વિષે આપણે વિચાર કરી લેવો જોઈએ. પ્રગતિ એટલે ખરાબ ટેવો છોડી દઈ સારી ટેવો પાડવી અથવા સુધારો કરવો. જંગલીપણાથી ઉલટું તે પ્રગતિ.

અમુક માણસ અથવા સમાજ સુધરેલો છે અથવા જંગલી છે એ આપણે શી રીતે જાણી શકીએ? યુરોપના ઘણા માણસો એમ ધારે છે કે તેઓ બહુ જ સુધરેલા છે અને એશિયાના માણસો ઘણા જ જંગલી છે. યુરોપના લોકો એશિયાના લોકો કરતાં વધારે કપડાં પહેરે છે એટલે શું એ સુધરેલા છે? પરંતુ કપડાં એ આબોહવા ઉપર જ આધાર રાખે છે. ગરમ પ્રદેશનાં

માણસો ઠંડા પ્રદેશના માણસો કરતાં વધારે કપડાં પહેરે છે. અથવા શું એક પિસ્તોલવાળો માણસ હથિયાર વિનાના માણસ કરતાં વધારે બળવાન છે અને તેથી વધારે સુધરેલો છે? જો કે તે માણસ બળવાન હોય કે નહિ તો પણ એક નબળો માણસ તેને કાંઈ કહી શકે નહિ; કારણ કે તે માણસ જો કાંઈક બોલે તો તે માર્યો જાય.

તું જાણે છે કે થોડાં જ વર્ષો ઉપર મહાન્ વિગ્રહ થયો હતો ઘણાખરા દેશનાં માણસો તેમાં રોકાયાં હતાં અને સૌ કોઈ સામી બાજુના માણસોને મારવા પ્રયત્ન કરતાં. અંગ્રેજો જર્મનો-ને મારવા પોતાનાથી બનતું કરતા, જ્યારે જર્મનો અંગ્રેજોને મારવા બનતો પ્રયત્ન કરતા. લાખો માણસ આ લડાઈમાં કપાઈ મૂઆ અને હજારો અપંગ થઈ ગયા. કોઈ કે આંખો ખોઈ, કોઈ કે પગ ખોયા, કોઈકે હાથ ખોયા, વગેરે વગેરે. તેં આવા ઘણા ઘવાએલા માણસો ફ્રાન્સમાં તેમજ બીજે સ્થળે જોયા હશે. પેરીસમાં તેમને માટે ખાસ સગવડ કરવામાં આવી છે. તું એમ ધારે છે કે લોકો આ પ્રમાણે એક બીજાને મારી નાખે એ બહુ સારી વાત છે? જો બે માણસો પોળમાં લડાઈ કરે છે તો સિપાઈઓ તેમને જુદા પાડે છે અને લોકો તેને મૂર્ખાઈભરેલું કાર્ય માને છે. પરંતુ મોટા દેશો એક બીજા સાથે લડે અને હજારો અને લાખો માણસોને મારી નાખે એ કેટલું બધું મૂર્ખાઈભરેલું છે? એ જંગલમાં લડતા બે જંગલી માણસોના

જેવું છે. અને આ માણસો જો જંગલી કહેવાય તો જે દેશો આ પ્રમાણે વર્તે છે તે કેટલા બધા જંગલી કહેવાય?

આ પ્રશ્ન વિચારતાં તું કહીશ કે ઇંગ્લેન્ડ, જર્મની, ફ્રાન્સ, ઈટાલી અને બીજા દેશો જે આ લડાઈમાં શામેલ થયા તે સુધરેલા નથી. તોપણ તું જાણે છે કે એ દેશોમાં પણ કેટલીક સુંદર વસ્તુઓ છે, તેમજ ત્યાં કેટલાક ઘણા જ સારા માણસો પણ છે.


તું એમ કહીશ કે ઉન્નતિ અથવા પ્રગતિ એટલે શું એ સમજવું અઘરું છે. અને ખરેખર તું આ બાબતમાં સાચી જ છે. આ બહુ જ અઘરો પ્રશ્ન છે. સુંદર મકાન, સુંદર ચિત્રો, પુસ્તકો અને સારી સારી વસ્તુઓ એ પ્રગતિની દિશાઓ છે. પરંતુ એક સારો, નિઃસ્વાર્થી અને જે દરેકના ભલા માટે બીજાં કામ કરે છે તેવો માણસ એ સારામાં સારી પ્રગતિની નિશાની છે. બીજા સાથે મળીને ભેગું કામ કરવું એ એકલા કામ કરવું એના કરતાં વધારે સારું છે, અને સર્વના ભલા માટે કામ નરવું એ સર્વોત્તમ છે.

૧૨ . . . . ટોળીઓની જમાવટ

મેં તને આગલા પત્રોમાં કહ્યું છે કે જ્યારે માણસ પહેલવહેલો હયાતીમાં આવ્યો ત્યારે તે લગભગ પશુ જેવો જ હતો. ધીમે ધીમે હજારો વર્ષ પછી કંઈક અંશે તે વધારે સારો બન્યો. પહેલાં તે એકલે હાથે જ શિકાર કરતો હોવો જોઈએ. પછી તેને માલૂમ પડ્યું કે બીજા માણસો સાથે ટોળામાં ફરવું એ વધારે ડહાપણ ભરેલું અને સુગમ છે. જો બધા માણસો ભેગા રહે તો બળનું સંગઠન થાય, અને આ મોટા બળથી તેઓ જંગલી પશુઓ સામે તેમ જ બીજા લોકોના હુમલાઓ સામે બચાવ કરી શકે. પશુઓ પણ પોતાની સહી-સલામતી માટે ટોળામાં જ ફરે છે. ઘેટાં, બકરાં, હરણ અને હાથી પણ ટોળામાં જ ફરે છે. જ્યારે આખું ટોળું નિદ્રા લે છે



માછલીનું ફોસીલ



પથ્થર યુગના માણસોનાં હથિયાર

ત્યારે તેમાંનાં થોડાં જાગૃત રહીને બીજાં બધાંની સંભાળ રાખે છે. તેં વરૂઓનાં ટોળાની વાતો વાંચી હોવી જ જોઈએ. રશિયામાં શિયાળામાં વરૂઓ ટોળાબંધ ફરે છે અને જ્યારે ભૂખ્યાં થાય છે ત્યારે બધાં એકી સાથે માણસો ઉપર હુમલો કરે. જુદું પડી ગએલું વરૂ ભાગ્યે જ માણસ ઉપર હુમલો કરે છે, પરંતુ વરૂઓનું ટોળું માણસો ઉપર હુમલો કરવાને શક્તિવાન બને છે. માણસોને આ હુમલાથી કેટલીક વખત તો નાસવું પડે છે, અને કેટલીક વાર તો વરૂઓને તથા બરફમાં ફરતી સ્લેજ ગાડીમાં બેઠેલા માણસને શરત ચાલે છે!

આ રીતે પહેલાંના લોકોએ જે ઉન્નતિનું પહેલું પગથિયું માંડયું તે બધાંને ટોળામાં ભેગા રહેવાનું હતું. આ ટોળીઓએ ભેગું કામ કરવા માંડયું, અને આથી એક બીજા સાથે સહકાર વધવા માંડયો. દરેક માણસ પોતાની ટોળી વિષે પ્રથમ વિચારતો. જો ટોળી ભયમાં આવતી તો દરેક માણસને તેને માટે લડવું પડતું; અને જો કોઈ માણસ પોતાની ટોળી માટે કામ કરતો નહિ તો તેને ટોળીમાંથી હાંકી કાઢવામાં આવતો.

હવે જો માણસ ભેગાં કામ કરે તો તેમણે અમુક નિયમો પ્રમાણે વર્તવું જોઈએ. જો દરેક માણસને પોતાનું ધાર્યું કરવાનું હોય તો આ ટોળી નભી શકે જ નહિ. આથી કોઈને તેના નાયક થવું રહ્યું. પશુઓનાં ટોળાંનો પણ કોઈક તો ઉપરી હોય છે જ. માણસોની ટોળીઓએ પણ તેમનામાંના સૌથી બળવાન

માણસને પોતાનો નાયક નીમ્યો. તેમને અતિશય લડવાનું હતું તેથી જ સૌથી બળવાન માણસને નાયક નીમવામાં આવતો.

જો ટોળીમાંના માણસો તેમના જ માણસો સાથે લડે તો ટોળી તરત જ ભાંગી જાય, તેથી માંહેમાંહે લડવાનું બંધ થયું. ટોળીઓના નાયકોએ જ આ બંધ કરાવ્યું. અલબત્ત, એક ટોળી બીજી સાથે લડી શકતી પણ ખરી.

જે પહેલી ટોળી બની હશે તેમાં ઘણાં કુટુંબ હોવાં જોઈએ કે તેમાંનાં બધાં માણસોને એક બીજા સાથે સંબંધ હોય. જ્યાં સુધી આ ટોળી ઘણી જ મોટી થઈ ત્યાં સુધી કુટુંબો વધતાં જ ગયાં.

પહેલાંના વખતમાં જ્યારે આવી ટોળીઓની શરુઆત થઈ નહિ હોય ત્યારે માણસોને એકલા રહેવું ઘણું કઠિન થઈ પડયું હશે. તેમની પાસે રહેવાને ઘર ન હતાં, પહેરવાને થોડાંક ચામડાં સિવાય બીજી કોઈ જાતનાં કપડાં ન હતાં, અને દરેક માણસને બીજા સાથે લડવાનું ચાલુ જ રાખવું પડતું. એને પોતાનો દરરોજનો ખોરાક મેળવવાને માટે પશુઓનો શિકાર કરવો પડતો, અથવા તો ફળ ભેગાં કરવાં પડતાં. તે જાણતો જ હોવો જોઈએ કે હરેક સ્થળે તો દુશ્મનો હતા. કુદરત પણ તેને દુશ્મન જેવી જ લાગતી; કારણ કે તે વખતે ધરતીકંપ થતા, બરફ પડતો અથવા વરસાદ પડતો. એ ગુલામ જેવો માણસ દરેક વસ્તુથી બીતો. જો આકાશમાંથી કરા પડતા તો

તે એમ સમજતો કે ઈશ્વર આકાશમાં રહ્યો રહ્યો તેને મારવાનો પ્રયત્ન કરે છે! એ એનાથી બીઈને જે માણસ વરસાદ અથવા બીજી વસ્તુઓ પૃથ્વી ઉપર મોકલે છે તેને ખૂશ કરવા મથતો. તે કેવી રીતે તેને ખૂશ કરી શકે? તે બહુ જ હોશિયાર અથવા મગજશક્તિવાળો ન હતો. તેણે એમ ધાર્યું હશે કે આકાશમાંનો ઈશ્વર તેના જેવો જ હશે અને તેને ખાવાનું જ ગમતું હશે. આથી તે કોઈ પશુને મારતો અથવા તેનું માંસ ભેગું કરી કોઈક જગ્યાએ ઈશ્વરને ખાવા માટે મૂકતો! અને તે એમ ધારતો કે આ રીતે વરસાદ તેમ જ કરાને અટકાવી શકશે!

આપણે કેવી રીતે વરસાદ, બરફ અથવા ધુમ્મસ પડે છે તે જાણતા હોવાથી આ લોકોને મૂર્ખા માનીએ છીએ, કારણ કે પશુઓને મારવાથી આમાં કાંઈ વળે એમ નથી. અત્યારે પણ એવા કેટલાક અણસમજુ માણસો છે કે જેઓ આ બધી કુદરતની લીલા શી રીતે બને છે તે બિલકુલ જાણતા નથી.

૧૩ . . . . . . ધર્મની શરુઆત
અને કામની વહેંચણી

મારા છેલ્લા પત્રમાં મેં તને કહ્યું કે પહેલાંના માણસો દરેક વસ્તુથી બીતા અને એમ ધારતા કે ગુસ્સે થએલા અને અદેખા દેવો તેમની ઉપર જુલમ ગુજારે છે. આ કલ્પિત દેવોનાં તેઓ પર્વતોમાં, નદીઓમાં અને સર્વ ઠેકાણે દર્શન કરતા. ઈશ્વરને તેઓ સારા પુરુષ તરીકે ઓળખતા નહિ, પરંતુ તેને તેઓ બહુ અદેખા માણસ તરીકે ઓળખતા. તેઓ તેનાથી બીતા અને કોઈપણ રીતે દેવોને રીઝવવા પ્રયત્ન કરતા. બનતા સુધી તેઓ તેને ખોરાક આપીને જ રીઝવવા પ્રયત્ન કરતા. જો કોઈક વખત અકસ્માત થતો અથવા પૂર આવતું તો તેઓ એમ સમજતા કે દેવો તેમની ઉપર બહુ જ ગુસ્સે થયા છે. આથી તેઓ તેમને ખૂશ કરવા પોતાના કુટુંબનો પણ ભોગ

આપવા તૈયાર બનતા. આ આપણને બહુ જ ભયંકર લાગે છે. પરંતુ બીનેલો માણસ ગમે તે કરી શકે છે.

આ રીતે ધર્મની શરુઆત થએલી હોવી જોઈએ. અને ધર્મ બીક રૂપે દાખલ થયો. તું જાણે છે કે ધર્મ આપણને ઘણી સારી સારી વસ્તુઓ કહે છે. જ્યારે તું મોટી થઈશ ત્યારે તું આખી દુનિયાના ધર્મો વિષે અને ધર્મને નામે જે સારી અને નરસી ચીજો થાય છે તે વિષે વાંચીશ. ધર્મ કેવી રીતે શરુ થયો તે જાણવું બહુ મઝાનું છે. પાછળથી આપણે જોઈશું કે તે કેવી રીતે ચારે તરફ ફેલાયો. જો કે તેનો પુષ્કળ ફેલાવો થયો છે તો-પણ અત્યારે આપણે જોઈએ છીએ કે લોકો ધર્મના નામે એક બીજા સાથે લડી મરે છે. બીજા કેટલાક લોકો કાલ્પનિક વસ્તુઓને ખૂશી કરવા મથે છે અને તે માટે નિર્દોષ પશુઓનો ભોગ આપે છે.

પહેલાંના માણસોને સખત જિંદગી ગાળવી પડતી. તેને દરરોજ પોતાનો ખોરાક મેળવવો પડતો અથવા ભૂખ્યા રહેવું પડતું. કોઈ પણ માણસને અમુક દિવસનો ખોરાક ભેગો કરી એટલા દિવસ કંઈ કામ કર્યા સિવાય બેસી રહેવું અશકય હતું

જ્યારે ટોળીઓની શરુઆત થઈ ત્યારે માણસોને માટે કંઈક કામ સહેલું થયું. ટોળીના બધા માણસો એક માણસ મેળવે એના કરતાં વધારે ખોરાક મેળવી શકતા. તું જાણે છે કે ભેગા મળીને કામ કરવાથી જે વસ્તુઓ આપણે એકલા ન

કરી શકીએ તે સહેલાઈથી કરી શકાય છે. એક અથવા બે માણસ ભારે બોજો લઈ ના શકે, જ્યારે અમુક માણસોનો સમૂહ જલદીથી તે બોજો ઉપાડી શકે છે. સંસ્કૃતિનું બીજું મોટું ચિહ્ન ખેતીવાડી. તું જાણીને ખૂશ થઈશ કે કેટલીક કીડીઓ પણ ખેતીવાડીનું કામ કરે છે. અલબત્ત, હું એમ કહેવા નથી માગતો કે કીડીઓ ખેતી કરે છે, વાવે છે અને પાક લણે છે. પરંતુ ઘણુંખરું તેઓ નીચે પ્રમાણે કરે છે. જો તેમને કંઈક નાનું દાણાવાળું તણખલું મળે છે તો તેઓ એમાંથી દાણા છુટા પાડી લે છે. આથી આ દાણા લાંબો વખત સુધી એની એજ સ્થિતિમાં રહે છે.

કદાચ માણસોએ પણ પહેલાં આ પ્રમાણે કર્યું હશે. ત્યારે તેઓ ખેતીવાડી શું છે તે સમજતા નહિ. આ સમજતાં કેટલીય સદીઓ વીતી ગઈ હશે.

ખેતીવાડીનું કામ જાણતાં તેમને ખોરાક મેળવવો સહેલો થઈ પડયો. માણસોને આખો વખત શિકાર કરવાનું બંધ થઈ ગયું. આથી તેમનું જીવન સરળ થવા લાગ્યું. ત્યાર બાદ બીજો એક ખાસ બનાવ બન્યો. ખેતીવાડીની શોધ પહેલાં દરેક માણસ શિકારી હતો. માણસોને તે વખતે એ જ કામ હતું. સ્ત્રીઓ ઘણું કરીને છોકરાંની સંભાળ રાખતી અથવા તો ફળ ભેગાં કરતી. પરંતુ જ્યારે ખેતીનું કામ દાખલ થયું ત્યારે જુદી જુદી જાતનાં કામ આવી પડયાં. ખેતરમાં કામ હતું, શિકાર

કરવાનો હતો અને ઢોર પાછળ પણ દેખરેખ રાખવાની હતી. આથી સ્ત્રીઓ ઢોર પાછળ દેખરેખ રાખતી અને ગાયો દો'તી દરેક માણસ જુદી જુદી જાતનું કામ કરતો.

અત્યારે તું આ દુનિયામાં દરેક માણસને અમુક જુદી જુદી જાતનું કામ કરતું જુએ છે. કોઈ માણસ વૈદ્ય હોય છે તો કોઈ ઇજનેર હોય છે; કોઈ લુહાર હોય છે તો કોઈ સુથાર હોય છે; કોઈ કડીઓ હોય છે તો કોઈ દરજી કે મોચી હોય છે. આવી જ રીતે બીજા માણસો પણ કોઈને કોઈ ધંધે બાઝેલા હોય છે. દરેક માણસને પોતાનો ધંધો હોય છે. આથી બીજા ધંધાઓ વિષે તે બહુ જાણતો નથી. આને કામની વહેંચણી કહેવામાં આવે છે. જો કોઈ માણસ એક જ વસ્તુ સારી રીતે પાર પાડવા માગે તો તે ઘણી વસ્તુઓ પાર પાડવાના પ્રયત્ન કરતાં વધારે સારી રીતે પાર પાડી શકે છે.

આમ ખેતીવાડીની શરુઆત પછીની જુની જાતોથી જ કામની વહેંચણી શરુ થઈ છે.

૧૪ . . . ખેતીકામથી થએલા ફેરફાર

મેં તને મારા છેલ્લા પત્રમાં કામની વહેંચણી વિષે કેટલુંક કહ્યું. પહેલાં જ્યારે માણસ હયાતીમાં આવ્યા ત્યારે તેમનું જીવન શિકાર ઉપર જ નભતું, અને તે વખતે કામની વહેંચણી બહુ જ થોડી હતી. દરેક માણસ શિકાર કરતો અને મહા મહેનતે પોતાનું ગુજરાન ચલાવતો. આ વખતે સ્ત્રીઓ અને માણસો વચ્ચે કામની વહેંચણી નીચે પ્રમાણે થઈ; માણસો શિકાર કરતા અને સ્ત્રીઓ ઘેર રહી છોકરાંની તેમ જ પાળેલાં પશુની સંભાળ રાખતી.

જ્યારે લોકો ખેતીવાડી શીખ્યા ત્યારે ઘણી નવી ચીજો ઉત્પન્ન થઈ. કેટલાક લોકો શિકાર કરતા, બીજા ખેતરની સંભાળ રાખતા અને ખેતી કરતા. પછીથી જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ લોકો નવા ધંધા શીખ્યા અને તેમાં પ્રવૃત્ત થવા લાગ્યા.

ખેતીનું બીજું પરિણામ એ આવ્યું કે લોકોએ ગામડાં અને શહેરોમાં રહેવાનું શરુ કર્યું. ખેતીની શરુઆત પહેલાં

લોકો ભટકતા અને શિકાર કરતા. તેમને તે વખતે એક જ જગ્યામાં રહેવાની જરૂર ન હતી. તેઓ જ્યાં જતા ત્યાં શિકાર કરી શકતા. તેઓની પાસે ગાયો, ઘેટાં અથવા બીજાં પશુઓ હતાં, એટલે તેમને એક સ્થળેથી બીજે સ્થળે જવું પડતું. આ પશુઓને મોટાં ઘાસનાં મેદાન જોઈએ કે જ્યાં તેઓ સારી રીતે ચરી શકે. જો તેઓ એક જ જગ્યાએ ચરે તો ત્યાં ઘાસ ખૂટી જાય અને આથી આ લોકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું પડતું.

જ્યારે ખેતીનું કામ શરુ થયું ત્યારે લોકોને પોતાનાં ખેતરોની નજીક જ રહેવું પડયું. જે જમીન તેઓ ખેડતા અને જેમાં તેઓ વાવતા તે જમીન તેઓ છોડી શકતા નહિ. આથી તેઓ ત્યાં જ રહેતા અને આ રીતે શહેરોમાં અને ગામડાંઓમાં વસવાટ શરુ થયો.

ખેતીવાડીથી લોકોનું જીવન પણ સરળ થયું. આખો વખત શિકારમાં ગાળવા કરતાં ખેતી કરવી એ વધારે સહેલી હતી. આથી તેમને થાક ખાવાનો પણ વખત મળતો જમીનમાંથી અનાજ પણ વધારે મળવા લાગ્યું અને તે વધેલું અનાજ આ લોકો સંભાળપૂર્વક સંઘરી રાખતા.

જ્યારે માણસ શિકાર કરતો ત્યારે તે કંઈ પણ બચાવી શકતો નહિ. તેને પૈસા મૂકવાને અથવા બીજી વસ્તુઓ મૂકવાને કોઈ પણ સ્થાન હતું નહિ. રોજનો ખોરાક તેને શિકાર કરીને જ મેળવવો પડતો. ખેતી કરવાથી એક વખત ચાલે

એના કરતાં વધારે અનાજ તે મેળવી શકતો અને વધેલું અનાજ ભેગું કરી શકતો.

તું જાણે છે કે અત્યારે લોકો મોટી પેઢીમાં પોતાના પૈસા મૂકે છે, આ પૈસા ક્યાંથી આવે છે? તું એ વિષે વિચાર કરીશ તો તને માલમ પડશે કે લોકો પાસે તેઓ વાપરી શકે તે કરતાં પણ વધારે પૈસા હોવાથી પેઢીમાં મૂકે છે. અત્યારે પૈસાદાર માણસો એ જ છે કે જેણે અત્યાર સુધી પૈસા ભેગા કરી રાખ્યા છે. ગરીબ માણસો આવી રીતે પૈસા બિલકુલ ભેગા કરી શકતા નથી. પૈસાદાર માણસ બીજા કરતાં વધારે કામ કરે છે એટલે આમ નથી. પરંતુ આજના જમાનામાં તો જે માણસ બિલકુલ કામ કરતો નથી તે વધારે પૈસા ભેગા કરી શકે છે, જ્યારે અતિશય કામ કરનાર માણસ કંઈ પણ ભેગું કરી શકતો નથી! આ બહુ જ મૂર્ખાઈ ભરેલી ગોઠવણ લાગે છે. ઘણા લોકો એમ ધારે છે કે આવી ગોઠવણને લીધે જ અત્યારે માણસો ગરીબ છે. તારે માટે સમજવાને આ બાબત જરા અઘરી છે, જે તું મોટી ઉમ્મરે સમજી શકશે.

આ ઉપરથી જણાશે કે ખેતીવાડીથી જરુર પૂરતા અનાજ કરતાં પણ વધારે અનાજ પેદા થયું. એ અનાજનો સંગ્રહ કરવામાં આવ્યો. તે કાળમાં સિક્કા હતા નહિ. જેમની પાસે વધારે અનાજ અથવા ગાયો, ઘેટાં કે ઊંટ હતાં તે જ પૈસાદાર કહેવાતાં.

૧૫ . . . . કુલપતિ

પહેલાંના વખતનું જીવન અત્યારના કરતાં વધારે સાદું હતું. આપણે આપણા જીવનના તેમ જ આખા સમાજના ફેરફારો સમજવા પ્રયત્ન કરીશું તો અત્યારની ઘણી વસ્તુઓ સમજાશે. અને જો આપણે એ સમજવા પ્રયત્ન નહિ કરીએ તો આપણી આજુબાજુ શું બને છે તે આપણે સમજી શકીશું નહિ, અને આપણી સ્થિતિ જંગલમાં ખોવાએલાં છોકરાં જેવી થઈ પડશે.

તેં મને રાજાઓ કોણ હતા અને તેઓ શાથી રાજા બન્યા એ વિષે મસુરીમાં પૂછેલું એ તને યાદ હશે. આપણે એ વખતમાં સહેજ ડોકિયું કરીએ. પહેલેથી જ તેમને રાજા કહેવામાં આવતા નહિ. આપણે જો એમના વિષે થોડું ઘણું જાણવા ઈચ્છીશું તો તેમનું મૂળ આપણને જડી આવશે.

મેં જુદી જુદી જાતોની હયાતી વિષે જણાવી દીધું છે. જ્યારે ખેતીનું કામ શરુ થયું ત્યારે કામની વહેંચણી થઈ અને ટોળીમાંના કેટલાક માણસોને કામની વ્યવસ્થા કરવાની જરૂર પડી. આ પહેલાં પણ ટોળીઓને બીજી ટોળીઓ સાથે લડવાને કોઈક ઉપરીની જરૂર પડતી. ઘણું કરીને ઘરડા જ માણસને આ પદ આપવામાં આવતું. તે કુલપતિ કહેવાતો. તે ઘરડામાં ઘરડો માણસ હતો એટલે તે બહુ જ ટેવાઇ ગએલો અને સુજ્ઞ પુરુષ મનાતો. ટોળીના બીજા માણસો કરતાં એ બહુ જુદો પડતો નહિ. તે બીજાઓ સાથે કામ કરતો. જે અનાજ પાકતું તે બધું દરેકને સરખે ભાગે વહેંચી દેવામાં આવતું. દરેક વસ્તુ ટોળીની જ માલીકીની હતી. અત્યારે જેમ દરેક માણસને જુદું ઘર હોય છે, જુદા પૈસા હોય છે, અને બીજી ઘણી પોતાની ચીજો હોય છે તેમ તે વખતે ન હતું. જે કોઈ માણસ કંઈ પણ કમાતો તે બધાને સરખે ભાગે વહેંચી દેવામાં આવતું. આ વહેંચણીનું કામ કુલપતિ અથવા વ્યવસ્થાપક કરતો.

પરંતુ ધીમે ધીમે ફેરફારો થવા લાગ્યા. ખેતીવાડીને લીધે ઘણાં જ કામ વધી ગયાં અને કુલપતિને એનો ઘણો-ખરો વખત વ્યવસ્થા કરવામાં તેમ જ બધાં બરાબર કામ કરે છે કે નહિ તે જોવામાં જ ગાળવો પડતો. પછીથી ધીમે ધીમે કુલપતિએ લોકોનું સામાન્ય કામ કરવાનું છોડી દીધું, આ

રીતે તે બીજા લોકોથી જુદો પડ્યો. હવે અહીંથી નવી જાતની કામની વહેંચણી શરુ થાય છે. કુલપતિ હવે વ્યવસ્થા કરતો અને લોકોને હુકમ આપતો; અને બીજા માણસો ખેતરોમાં કામ કરતા, શિકાર કરતા. લડાઈ લડતા તેમ જ પોતાના ઉપરીના હુકમો પાળતા. જો કોઈ બે ટોળીઓ વચ્ચે લડાઈ જામતી તો તે વખતે કુલપતિનો ભાવ વધી જતો; કારણ કે લડાઈના વખતમાં નાયક સિવાય કોઈ પણ બરાબર લડી શકતું જ નહિ. આથી કુલપતિ વધારે બળવાન બનવા લાગ્યો.

જેમ વ્યવસ્થાનું કામ વધવા માંડયું તેમ કુલપતિ પોતે એકલે હાથે તેની ઉપર બરાબર ધ્યાન આપી શકતો નહિ. તેણે પોતાને મદદ કરવા. બીજા કેટલાક માણસોની પસંદગી કરી. આ રીતે વ્યવસ્થાપકોની સંખ્યા વધી તો પણ તે બધાનો નાયક તો કુલપતિ જ રહ્યો. પછી આખી ટોળી વ્યવસ્થાપકો તેમ જ સાધારણ કામ કરનાર લોકોમાં વહેંચાઈ ગઈ. વ્યવસ્થાપકોને સામાન્ય કામ કરનારા માણસોને હુકમ આપવાની સત્તા આપવામાં આવી હતી. આ રીતે હવે બધા માણસો એક જ પદવીના રહ્યા નહિ.

આપણે આવતા પત્રમાં કુલપતિની કેવી રીતે ચડતી થઈ તે જોઈશું.

૧૬ . . . . . . કુલપતિ—તેનું વધવું

મને આશા છે કે જુની ટોળીઓના તેમજ કુલપતિના અહેવાલ તને રમુજ વિનાના નહિ લાગતા હોય.

મેં તને આગલા પત્રમાં કહ્યું કે ગમે તે વસ્તુ એ આખી ટોળીની જ માલીકીની હતીઃ તે અમુક માણસની ન હતી. ટોળીના એક ભાગીદાર તરીકે જ તે દરેક વસ્તુ બધાની માફક સરખે ભાગે મેળવતો. તેમાં એક વ્યવસ્થાપક હતો અને તે ટોળીની મિલ્કત ઉપર દેખરેખ રાખતો. જેમ તેની શક્તિ વધતી ગઈ તેમ તેણે વિચાર્યું કે આ બધી મિલ્કત પોતાની છે, અને તેમાં ટોળીનું કંઈ નથી. અથવા તેણે એમ ધાર્યું હશે કે તે ટોળીનો ઉપરી પોતે હોઈ ટોળીનો પ્રતિનિધિ છે. આ રીતે અમુક વસ્તુઓ પોતાની માલિકીની છે એમ સમજવાનો વિચાર

અહીંથી શરુ થાય છે. અત્યારે આપણે ધારીએ છીએ અને વાતો પણ કરીએ છીએ કે આ મારું છે અથવા આ તારું છે. પરંતુ મેં તને પહેલાં કહ્યું છે તેમ પહેલાંની ટોળીઓના માણસો આવું ધારતા નહિ. તે વખતે બધી જ માલમિલ્કત આખી ટોળીની હતી.

જ્યારે કુલપતિનું મરણ થતું ત્યારે ટોળીના બધા માણસો ભેગા થતા અને બીજા માણસની પસંદગી કરતા, પરંતુ ઘણું કરીને તેનું કુટુંબ જ વ્યવસ્થા કરવાનું કામ બહુ જ સારી રીતે જાણતું. આથી એમ બન્યું કે કુલપતિના મરણ પછી એના જ કુટુંબના કોઈ માણસની પસંદગી કરવામાં આવતી. આ રીતે આ કુટુંબ બીજા કુટુંબો કરતાં જુદું પડયું, અને એજ કુટુંબમાંથી કોઈ માણસ કુલપતિ તરીકે ચૂંટાવા લાગ્યો. હવે કુલપતિ પાસે અગાધ શક્તિ આવી. કુદરતી રીતે જ તે પોતાનો ભાઈ અથવા પુત્ર પોતાની પાછળ કુલપતિ તરીકે આવે એ માટે બનતો પ્રયાસ કરતો. આ ઇચ્છા પૂરી પાડવા માટે તે પોતાના ભાઈ અથવા પુત્રને આ બાબતની કેળવણી આપતો. ટોળીના માણસોને કદાચ પહેલાં આ નહિ ગમ્યું હોય. પરંતુ પાછળથી તેઓ આ બાબતથી ટેવાઈ ગયા અને કુલપતિનું કહેવું કરવા લાગ્યા. પછી ત્યાં કુલપતિની પસંદગી જ ન થતી કુલપતિ પોતાની પાછળ આવનાર માણસને નક્કી કરી જતો અને તે જ માણસ આ પદ પ્રાપ્ત કરતો.

આ રીતે આ પદ એક જ કુટુંબમાં સ્થાયી થવા માંડ્યું. પછી કુલપતિને એવી જ ખાત્રી થઈ ગઈ કે બધી વસ્તુઓ પોતાની જ હતી, અને બધી વસ્તુઓનો એક કબજો કરી લેતો. જ્યારે તે મરણ પામતો ત્યારે પણ તે વસ્તુઓ પોતાના ઘરમાં જ રહેતી. કેવી રીતે 'મારા' અને 'તારા' વિષેનો વિચાર શરુ થયો તે પણ આપણે જોયું. પહેલાંના વખતમાં આવું કંઈ હતું જ નહિ. બધા માણસો પોતાને માટે નહિ પરંતુ આખી ટોળીને માટે જ કામ કરતા. જો તેઓ કંઈ પણ સારી ચીજ મેળવતા અથવા વધારે અનાજ પેદા કરતા તો પણ તે બધું દરેકને સરખે ભાગે જ વહેંચી દેવામાં આવતું. આ ટોળીમાં કોઈ ગરીબ અથવા કોઈ તવંગર ન હતો. બધાય માણસો ટોળીની તમામ ચીજોના સરખા ભાગીદાર હતા.

પરંતુ જ્યારથી કુલપતિએ ટોળીને લગતી વસ્તુઓ પોતાની કરી દેવા માંડી ત્યારથી લોકો ગરીબ કે પૈસાદાર થવા લાગ્યા

આ વિષે બીજું કેટલુંક હું મારા આવતા પત્રમાં કહીશ.

૧૭ . . . . . . કુલપતિ રાજા તરીકે

મેં તને કેવી રીતે રાજા હયાતીમાં આવ્યા અને તેઓ કોણ હતા તે કહેવાનું વચન આપ્યું હતું. હવે આપણે રાજાઓનો ઈતિહાસ સમજવાને કુલપતિ વિષે જાણવું જોઈએ. તે અનુમાન કર્યું હશે કે આ કુલપતિઓ પાછળથી રાજાઓ અને મહારાજાઓ થયા. કુલપતિ તે વખતે તો ટોળીનો દોરનાર તથા તેનો રક્ષક હતો.

જયારે કુલપતિનું પદ વંશજોમાં જ રહેવા લાગ્યું ત્યારે રાજામાં અને તેમનામાં બહુ ફેર ન રહ્યો. પાછળથી તે રાજા થયો. અને આ રાજાઓને એવો ખોટો ખ્યાલ પેસી ગયો કે દેશમાં જે કંઈ હતું તે પોતાનું જ હતું. તેઓ ભૂલી ગયા કે લોકો તરફથી વ્યવસ્થા કરવા અને અનાજની તેમ જ બીજી વસ્તુઓ-

ની વહેંચણી કરવા તેમને પસંદ કરવામાં આવ્યા હતા. તેઓ એમજ ધારતા કે દેશના બધા માણસો તેમના ગુલામ છે.

આગળ તું જોઈશ કે તેમણે એમ ધાર્યું કે તેમને પસંદ કરવામાં લોકોને કોઈ પણ જાતનો હક્ક નથી, ઈશ્વરે જ તેમને રાજા બનાવ્યા છે. અને તેઓ તેને 'ઈશ્વરી હક્ક' કહેતા. ઘણા વખત સુધી તેમણે આવી ગેરવર્તણુક ચલાવી. જ્યારે લોકો ભૂખે મરતા ત્યારે કુલપતિ પુરેપુરા ભપકામાં રહેતા. છેવટે પ્રજા આ સાંખી શકી નહિ અને કેટલાક દેશોમાંથી તો એમને હાંકી પણ કાઢવામાં આવ્યા. આગળ કેવી રીતે ઇંગ્લેન્ડની પ્રજાએ ચાર્લ્સ પહેલાંને હાંકી પણ કાઢ્યો ને મોતની સજા કરી; કેવી રીતે ફ્રાન્સના લોકોએ પરિવર્તન કર્યું, અને રાજાની બીલકુલ જરૂર નહિ હોવાનું નક્કી કર્યું, તે પણ તું વાંચીશ. અત્યારે પણ પેરીસની જેલમાં રાજાના કુટુંબને રાખવામાં આવ્યું છે. રશિયાએ કેવી રીતે પરિવર્તન કર્યું, ને કેવી રીતે તે લોકોએ ત્યાંના રાજા 'ઝાર' ને કાઢી મૂક્યો, તે તું વાંચીશ અને જાણીશ.

આ રીતે અત્યારે ઘણા દેશોમાં રાજાને સ્થાન જ નથી. ફ્રાન્સમાં, જર્મનીમાં, રશિયામાં, સ્વીટ્ઝરલૅન્ડમાં, અમેરિકામાં, ચીનમાં અને બીજા કેટલાક દેશમાં પણ રાજાઓ છે જ નહિ. આ બધાં પ્રજાસત્તાક રાજ્યો છે, એટલે કે પ્રજા નેતાઓની તેમ જ વ્યવસ્થાપકોની પસંદગી પોતાની મેળે જ કરે છે. આ નેતાઓને આ પદ વંશપરંપરા આપવામાં આવતું નથી.

અત્યારે પણ ઇંગ્લેન્ડમાં રાજા છે. પરંતુ તેને બીલકુલ સત્તા નથી. બધી સત્તા પાર્લામેન્ટને છે કે જેમાં લોકોના જ ચૂંટી કાઢેલા સભ્યો હોય છે.

હજૂ પણ હિન્દમાં રાજા મહારાજાઓ તથા નવાબો છે. તું તેમને સારાં સારાં કપડાં પહેરતા, સરસ મોટરોમાં ફરતા અને પોતાની પાછળ પુષ્કળ પૈસા ખરચતા જૂએ છે. તેઓ આ બધા પૈસા ક્યાંથી મેળવે છે? આ પૈસા તેઓ લોકો ઉપર કર નાખીને મેળવે છે. પૈસા લોકોને મદદ કરવામાં વપરાય એ હેતુથી કર નાખવામાં આવે છે. નિશાળો વધારીને, દવાખાનાં, વાંચનાલયો તથા સંગ્રહસ્થાનો સ્થાપીને, સારા સસ્તા બનાવીને તેમ જ લોકોના કલ્યાણાર્થે બીજી વસ્તુઓ દાખલ કરીને લોકોને મદદ કરી શકાય. પરંતુ આપણા રાજા મહારાજાઓ આ બાબત ઉપર બીલકુલ લક્ષ આપતા નથી, અને તે પૈસા પોતાના ખર્ચ માટે વાપરે છે. પ્રજા સખત કામ કરવા છતાં પણ ભૂખે મરે છે, જ્યારે આ રાજા મહારાજાઓ એશઆરામમાં ગુલતાન બને છે ત્યારે પ્રજાનાં બાળકોને ભણવા માટે પુરતી નિશાળો પણ નથી હોતી.

૧૮ . . . . પહેલાંની સંસ્કૃતિ

આપણે રાજાઓ તેમજ કુલપતિઓ વિષે જાણ્યું. હવે આપણે સહેજ પાછા જઈએ અને પહેલાંના લોકોના કેટલાક સુધારા જોઈએ.

જોકે આપણે આ લોકો વિષે બહુ જાણતા નથી છતાં 'પાષાણ–યુગ' અને 'નૂતન પાષાણ–યુગ'ના માણસો કરતાં વધારે જાણીએ છીએ. અત્યારે પણ હજારો વર્ષ પહેલાંનાં મોટાં નાશ પામેલાં મકાનો આપણે જોઈએ છીએ. અને આ મકાનો, મંદિરો તેમજ મહેલો જોતાં પહેલાંના લોકો કેવા હતા અને તે શું કરતા હતા તે વિષે આપણે જાણી શકીએ છીએ. આમાંથી આપણને આ વખતનાં મકાનોની કોતરણી ઉપયોગી છે. એ ઉપરથી ત્યાંના લોકો કેવી જાતનાં કપડાં પહેરતા તેમજ બીજી કેટલીક વસ્તુઓ આપણને માલમ પડે છે.

માણસોએ પહેલાં ક્યાં વસવાટ કર્યો હશે એ વિષે આપણે ચોક્કસ ના કહી શકીએ. કેટલાક લોકો કહે છે કે પહેલાં આટલાંટિક મહાસાગરમાં 'આટલાંટિક' નામે એક દેશ હતો. એમ કહેવાય છે કે આ દેશના લોકો ઘણા જ સુધરેલા હતા. પરંતુ આ આખો દેશ આટલાંટિક મહાસાગરને લીધે પાયમાલ થઈ ગયો છે, અને અત્યારે એનો એક પણ ભાગ સારી સ્થિતિમાં નથી. આપણને આવી વાતો મળે છે પરંતુ તેની કંઈ સાબીતી આપણી પાસે નથી. એટલે આપણે આ વાત આટલેથી જ છોડી દઈએ છીએ.

એમ પણ કહેવાય છે કે પહેલાં અમેરિકા એક સુધરેલો દેશ હતો. તું જાણે છે કોલંબસે અમેરિકા શોધ્યો હતો. પરંતુ આની ઉપરથી એમ સમજવાનું નથી કે કોલંબસ પહેલાં અમેરિકા હયાતીમાં જ ન હતો. આ ઉપરથી એમજ સમજવાનું છે કે જ્યાં સુધી કોલંબસે અમેરિકા શોધ્યો ન હતો ત્યાં સુધી યુરોપના લોકો તેને વિષે કંઈપણ જાણતા ન હતા. કોલંબસના ગયા પહેલાં ત્યાં કેટલાય સુધરેલા લોકો રહેતા હતા. ત્યાં આપણને કેટલાય અવશેષો માલમ પડે છે. આ ઉપરથી આપણે ચોક્કસ કહી શકીએ કે ત્યાં જૂના વખતમાં સુધરેલી પ્રજા રહેતી હતી. આપણે અત્યારે એ વિષે બહુ જાણતા નથી. યુરેશિયાના*

* યુરોપ અને એશિયા ભેગા મળીને યુરેશિયા તરીકે ઓળખાય છે.

ઘણાખરા દેશો મેસોપોટેમીઆ, ઈજીપ્ત, હિન્દ, ચીન, આ વખતે સુધરેલા હતા. ઈજીપ્ત અત્યારે આફ્રિકામાં છે, પરંતુ આપણી નજીક જ હોવાથી તેને યુરેશિયામાં ગણી લઈએ છીએ.

પહેલાંના વખતમાં પડાવ નાખવા ઇચ્છતી ભટકતી ટોળીઓ કેવી જાતનું સ્થળ પસંદ કરતી હશે ? એ સ્થળ એવું હોવું જોઈએ કે જ્યાં જલદી ખોરાક મળી શકે. આ લોકો ખેતરોમાં ખેતી કરીને જ પોતાનો ખોરાક મેળવી લેતા. અને ખેતી માટે પાણી ખાસ જરૂરનું છે, કારણ કે પાણી વિના ખેતરમાંનો બધો પાક સુકાઈ જાય અને કાંઈ પાકે નહિ. તું જાણે છે કે જ્યારે ચોમાસામાં થોડો વરસાદ પડે છે. ત્યારે અનાજ ઘણું થોડું પાકે છે અને દુકાળ પડે છે. ગરીબ માણસો આવે વખતે ભૂખે મરે છે. આથી જ પહેલાંના વસવાટ કરનાર લોકોને પાણીવાળી જ જમીન પસંદ કરી હશે. આપણને માલમ પણ પડે છે કે તેઓ આવું જ સ્થળ પસંદ કરતા.

મેસોપોટેમીઆમાં તેઓ યુફ્રેટીસ અને તૈગ્રીસ નદીઓની વચ્ચે આવેલા પ્રદેશમાં રહેતા. ઈજીપ્તમાં તેઓ નાઈલ નદી આગળ વસતા. હિન્દુસ્તાનમાં મોટી નદીઓ જેવી કે ગંગા, જમુના, સિંધુ વગેરેના કિનારાઓ ઉપર તેમનાં મોટાં શહેરો હતાં. પાણી વિના તેમને ચાલતું નહિ અને તેથી તેઓ આ નદીઓને ઘણી જ પવિત્ર માનતા. હિન્દમાં અત્યારે પણ ગંગા નદી ઘણી જ પવિત્ર મનાય છે. અને 'માતા' જેવી પૂજ્ય

ગણવામાં આવી છે; અને તે ' ગંગા माई ' અથવા તો " ગંગા મૈયા " ના નામથી સંબોધાય છે. આ નદીઓ તેમને પાણી પુરુ પાડતી એટલું જ નહિ પરંતુ કાદવ અને રેતી પણ પુરી પાડતી. આને લીધે જમીન ફળદ્રુપ બનતી અને વધારે સારો પાક પાકતો. આને લીધે જ નદીઓ ' માતા ' અથવા તો ' પિતા ' જેવી ગણાતી. પરંતુ અત્યારના વખતમાં લોકો શા માટે અમુક કામ કરે છે તે ભૂલી જાય છે અને વિચાર કર્યા સિવાય તેનું ખોટું અનુકરણ કરે છે. આપણે યાદ રાખવું જોઈએ કે આ નદીઓ પાણી પુરુ પાડતી અને તેને લીધે જ તે અત્યારે પણ પવિત્ર મનાય છે.

૧૯ . . . . પુરાણી દુનિયાનાં નગરો

આપણે જોયું કે લોકો મોટી નદીઓ આગળ અને જ્યાં પુષ્કળ પાણી હતું એવી ફળદ્રુપ ખીણોમાં વસ્યા. તેમનાં મોટાં શહેરો નદીઓના કિનારા ઉપર જ હતાં. તેં આ નામાંકિત શહેરો વિષે સાંભળ્યું હશે. મેસોપોટેમીઆમાં બેબીલોન નીવીનીહ વગેરે શહેરો હતાં. અત્યારે આ શહેરોની હયાતી નથી પરંતુ કેટલીક વાર જો માણસો ઘણે ઊંડે ખોદે છે તો તેમને આ શહેરોનાં અવશેષો માલમ પડે છે. હજારો વર્ષોથી તે માટીમાં અને રેતીમાં દટાઈ ગયાં છે, અને તેમનો એક પણ ભાગ અત્યારે જણાતો નથી. કેટલીક જગ્યાએ તો જૂનાં શહેરો ઉપર જ નવાં શહેરો બાંધવામાં આવ્યાં છે. જે લોકો શોધી કાઢવાને માટે પ્રયત્ન કરતા તેમને ઘણું ઊંડું ખોદવું પડતું, અને કેટલીક વાર તેઓને એક જ શહેર ઉપર

બીજું શહેર માલમ પડયું છે. એક શહેર કેટલાંય વર્ષો સુધી ટકી રહેતું અને તેમાં લોકો રહેતા તેમ જ મરણ પામતા. તેમાં તેમના પુત્રોના પુત્રો પણ રહ્યા અને તે પણ મરણ પામ્યા. ધીમે ધીમે બધાં માણસો મરણ પામ્યાં અને બધાં મકાનો ખંડિયેર થઈ ગયાં. રેતી અને માટી તેના ઉપર ફરી વળી અને આ ખોદી કાઢનાર તે વખતે કોઈ હતું નહિ. ઘણાં વર્ષો પછી આખું શહેર એ રીતે દટાઈ ગયું અને આ શહેરની હયાતી હતી કે નહિ તે પણ બધા ભૂલી ગયા. કેટલાંય વર્ષો પછી બીજા નવા માણસોએ ત્યાં આવીને શહેર વસાવ્યું. અને આ નવું શહેર પણ રેતી અને માટી તળે કેટલાક વખત પછી અદૃશ્ય થઈ ગયું. ઘણું કરીને આવા વધારે બનાવ રેતાળ પ્રદેશમાં બન્યા, કારણ કે ત્યાં રેતીને લીધે શહેર જલદીથી દટાઈ ગયાં.

આ બધું આપણને બહુ નવાઈ પમાડે તેવું છે. જ્યાં જ્યાં જૂનાં શહેરો હતાં ત્યાં નવાં થયાં અને બીજા લોકો ત્યાં વસવા લાગ્યા. તેઓ પણ મરણ પામ્યા અને તેમની કશી પણ નિશાની ત્યાં ન રહી. હું આ શહેરો વિષે થોડાંક જ વાકયોમાં જણાવી દઉં છું; પરંતુ એને ઉત્પન્ન થવાને અને નાશ પામ્યાને કેટલાંય વર્ષો વીતી ગયાં હશે. જો કોઈ માણસ સીત્તેર અથવા પંચોતેર વર્ષનો થયો હોય છે તો આપણે તેને ઘરડો થઈ ગએલો માનીએ છીએ. પરંતુ સીત્તેર અથવા

પંચોતેર એ હજારો વર્ષના શા હિસાબમાં છે? જ્યારે શહેરો ઉત્પન્ન થયાં હશે ત્યાં કેટલાં નાનાં છોકરાં ઘરડાં થયાં હશે અને મરણ પામ્યાં હશે. અને અત્યારે બેબીલોન અને નીવીનીહ માત્ર નામનાં જ રહ્યાં છે.

બીજું જૂનું શહેર સીરીઆમાં 'દમાસ્કસ' હતું. પરંતુ આ શહેર હજુ નાશ પામ્યું નથી. એ અત્યારે પણ એક મોટું શહેર છે. કેટલાક એમ કહે છે કે 'દમાસ્કસ' એ અત્યારે આખી દુનિયામાં સાથી જૂનામાં જૂનું શહેર છે.

હિન્દુસ્તાનમાં પણ આપણાં મોટાં શહેરો નદીઓના કિનારા ઉપર છે. સૌથી જૂનામાંનું એક શહેર ઈન્દ્રપ્રસ્થ હતું કે જે દિલ્હીની નજીક હતું. પણ અત્યારે એ શહેર અસ્તિત્વમાં નથી. કાશી એ ઘણું જૂનું શહેર છે, અને કદાચ દુનિયામાંનાં સૌથી જૂનાં શહેરોમાંનું એક છે. અલ્લાહાબાદ, કાનપુર, પટણા વગેરે ઘણાં શહેરો પણ નદીઓના કિનારા ઉપર જ છે. પરંતુ આ બધાં ઘણાં જૂનાં શહેરો નથી.

આવી જ રીતે ચીનમાં પણ જૂના વખતનાં કેટલાંક શહેરો છે.

૨૦ . . . . ઈજીપ્ત અને 'ક્રીટ'

પહેલાંનાં આ શહેરો અને ગામડાંઓમાં કેવી જાતના લોકો વસ્યા હશે? આપણને તેમનાં મોટાં મકાનો ઉપરથી તેમજ પથ્થરો ઉપર જે કાંઈ તેમણે લખ્યું તે ઉપરથી તેમનો કંઈક ઈતિહાસ માલમ પડે છે. આપણને તે વખતનાં કેટલાંક પુરાણાં પુસ્તકોમાંથી પણ ઘણી માહિતી મળી આવે છે.

ઈજીપ્તમાં અત્યારે પણ પિરામિડ અને મોટાં મંદિરોના કેટલાક અવશેષો હયાતીમાં છે. જો કે આપણે 'સુએઝ'ની નહેરમાંથી પસાર થયા તો પણ તે જોયા નથી; છતાં તેં એનાં ચિત્રો જોયાં છે. 'સ્ફીન્ક્સ' (Sphinx) એ એક સિંહ છે કે જેનું માથું સ્ત્રીના જેવું છે. એ બહુ જ મોટી વસ્તુ છે. તે શા માટે બનાવવામાં આવ્યો હતો અને તે શું સૂચવે છે તે હજુ સુધી પણ કોઈ જાણી શક્યું નથી. આ સ્ત્રીએ ફીકકું હાસ્ય ધારણ કર્યું છે. આવું હાસ્ય જોઈને લોકો ઘણી જ નવાઈ પામે છે.

પિરામિડ પણ એક મોટી ઈમારત છે. તે ઈજીપ્તના બાદશાહોની કબરો છે. લંડનના સંગ્રહસ્થાનમાં માણસોના તેમજ પશુઓના શબને તેલ તેમજ ગંધાઈ ઉઠે નહિ એવી દવાઓ લગાડી રાખી મૂકવામાં આવ્યાં છે, તે તને યાદ છે? આ મોટી ઇમારતોમાં રાજાઓનાં શબ મૂકવામાં આવ્યાં છે. તેમની આગળ સોના રૂપાનાં ઘરેણાં, ખાવાનું, ખુરશી ટેબલ પણ મૂકવામાં આવતાં. કારણ કે તે વખતે એવી માન્યતા હતી કે તેમના મરણ પછી તેમને આ બધી વસ્તુઓની ઘણી જ જરૂર પડતી. બે ત્રણ વર્ષ પહેલાં આવું એક શબ શોધી કાઢવામાં આવ્યું હતું અને તેની આગળ પુષ્કળ કિમતી તેમજ સુંદર વસ્તુઓ મૂકેલી હતી.

ઈજીપ્તમાં તે વખતે લોકોએ ખેતીવાડીને માટે પાણી જોઈએ એટલા માટે નહેરો અને સરોવરો બનાવ્યાં. આ ઉપરથી એમ માલમ પડે છે કે જૂના વખતના ઈજીપ્તના લોકો ઘણા હોશિયાર હતા. તે વખતે આ લોકો પાસે નહેરો ખોદાવવા તથા પિરામિડો બનાવવા માટે સારા સારા ઇજનેરો હોવા જોઈએ.

ભૂમધ્ય સમુદ્રમાં 'ક્રીટ' અથવા 'કાન્ડીઆ' નામનો એક નાનો ટાપુ છે. આ ટાપુ પહેલાં બહુ જ સુધરેલો હતો. ત્યાં એક ઘણો મોટો મહેલ છે, અને હજ પણ તેનાં અવશેષો છે. એ મહેલમાં ન્હાવાની જુદી ઓરડીઓ તેમજ પાણીના

નળ હતા, કે જેને લોકો આ જમાનાની જ શોધ માને છે. ત્યાં સારાં ચિત્રો, સારાં વાસણો તેમજ સુંદર કોતરકામ હતું. તે વખતે હાથીદાંતનું કામ પણ થતું હતું. આ ટાપુમાં લોકો ઘણી શાંતિથી રહેતા અને તેમણે ઘણી સારી પ્રગતિ કરી.

તેં 'મીનોસ' (minos) નામના રાજા વિષે વાંચ્યું હશે. તે જે વસ્તુને અડકતો તે સોનું બની જતું અને આથી તે ઘણી મુશ્કેલીમાં આવી પડયો હતો ! તે ખાઈ શકતો નહિ, કારણ કે તેનો ખોરાક સોનું બની જતો, અને ખોરાકમાં સોનાની શી જરૂર છે ? તેના લોભને લીધે તેને આ સજા થઈ હતી. અલબત્ત, આ કાલ્પનિક વાર્તા છે. એ એમ બતાવે છે કે લોકો સોનાને જેટલું સુંદર અને ઉપયોગી માને છે તેટલું એ નથી. 'ક્રીટ'ના બધા રાજાઓ 'મીનોસ' કહેવાતા અને તેમાંના જ એક રાજાની આ વાત હોવી જોઈએ.

આ દેશની બીજી એક વાત પણ તેં સાંભળી હશે. એ એક રાક્ષસ વિષે છે કે જેનું અર્ધું અંગ મનુષ્યનું હતું અને બાકીનું અર્ધું બળદનું હતું. એમ કહેવાય છે કે આ રાક્ષસનો ખોરાક જુવાન છોકરીઓ અને છોકરાઓ હતા. મેં તને પહેલેથી જ જણાવી દીધું છે કે અજાણી વસ્તુઓના ભયને લીધે લોકોને ધર્મનો વિચાર સૂઝયો. કશું પણ સમજ્યા સિવાય લોકો આ ભયને લીધે ઘણું જ ખરાબ આચરણ કરવા લાગ્યા. હું ધારું છું કે આવો કોઈ રાક્ષસ હતો જ નહિ.

જુવાન માણસોનો ભોગ નહિ અપાયો હોય. કદાચ કોઈ કલ્પિત રાક્ષસને જ આવા નિર્દોષ માણસોનો ભોગ અપાયો હશે.

જૂના વખતમાં દરેક ઠેકાણે કલ્પિત દેવોને માણસોનો તેમ જ સ્ત્રીઓનો ભોગ અપાતો. ઈજીપ્તમાં છોકરીઓને નાઈલ નદીમાં ફેંકી દેવામાં આવતીઃ કારણ કે તે વખતે એમ મનાતું કે આથી માતૃતુલ્ય નાઈલ નદી આપણા ઉપર રીઝશે !

સદ્‌ભાગ્યે અત્યારે દુનિયાના કોઈ કોઈ જ દૂરના ભાગ સિવાય આવાં બલિદાનો આપતાં નથી. પરંતુ અત્યારે પણ કેટલાક લોકો દેવોને ખુશી કરવા પશુઓના ભોગ આપે છે! એ દેવોને તેમ જ બીજા કોઈને ભજવાનો બહુ જ વિચિત્ર રસ્તો છે!


૨૧ . . . . ચીન અને હિન્દ

સૌથી પહેલાં મેસોપોટેમીઆમાં, ઈજીપ્તમાં, અને ક્રીટ નામના ટાપુમાં સુધારા દાખલ થયા. તે જ વખતે ચીનમાં અને હિન્દમાં પણ ઘણા જ સુધારા દાખલ થઈ ગયા હતા.


ચીનમાં પણ લોકો નદીઓની ખીણોમાં જ વસ્યા. આ 'મોંગોલિઅન' લોકો હતા. તેઓ તાંબાનાં સુંદર વહાણો બનાવતા અને પાછળથી તેમણે લોઢાનાં પણ વહાણ બનાવ્યાં. આ વખતે નહેરો તથા સુંદર મકાનો પણ બંધાયાં. નવી જાતની લખવાની પદ્ધતિ પણ શરૂ થઈ. આ લખાણ હિન્દીના, ઉર્દૂના અથવા ઇંગ્લિશનાં લખાણ કરતાં જુદી જાતનું હતું. એ લખાણ અક્ષરદ્વારા નહિ પરંતુ ચિત્રોદ્વારા હતું. દરેક શબ્દ અને ઘણી-વાર તો એક વાક્ય પણ એક જ ચિત્રમાં દર્શાવવામાં આવતું.

ઈજીપ્તમાં. ક્રીટમાં અને બેબીલોનમાં પણ આવી જ પદ્ધતિ હતી. અત્યારે એને 'ગૂઢાક્ષર' લિપિ કહેવામાં આવે છે. તેં આવાં લખાણ કોઈ સંગ્રહસ્થાનમાં જોયાં હશે. આ લિપિ લાંબા વખત સુધી ટકી નહિ તો પણ ચીનમાં અત્યારે આવી જ જાતની એક ચિત્રલિપિ છે. આ લિપિમાં હિન્દી અથવા ઈંગ્લિશની પેઠે ડાબીથી જમણી તરફ અથવા ઉર્દુની પેઠે જમણીથી ડાબી તરફ લખવામાં નથી આવતું, પરંતુ ઊભું જ લખવામાં આવે છે.

હિન્દુસ્તાનમાં અત્યારે પણ જૂનામાં જૂના અવશેષો જમીનમાં જ દટાએલા હશે. જ્યાં સુધી આપણામાંના કોઈ તેને ખોદી કાઢે નહિ ત્યાં સુધી તે આપણાથી છુપા જ રહેવાના છે. આપણે જાણીએ છીએ કે આર્યોની પણ પહેલાં અહીંયાં દ્રાવિડીઅન લોકો હતા. આ પ્રજા બીજા દેશો સાથે વેપાર ચલાવતી. આ પ્રજા તેમનો ઘણોખરો માલ ઈજીપ્ત અને મેસોપોટેમીઆમાં મોકલતી. તે લોકો ચોખા તેમજ ઘરો બાંધવાનો ઘણોખરો સામાન સમુદ્ર માર્ગે જ મોકલતા. એમ કહેવાય છે કે 'ઉર' (Ur) નામના શહેરમાં જે મહેલો બાંધવામાં આવ્યા હતા તેમાં દક્ષિણ આફ્રિકાથી મોકલાએલો સાગનો સામાન વપરાયો હતો. એમ પણ કહેવાય છે કે સોનું, મોતી, હાથીદાંત, મોર અને જુદી જુદી જાતના વાંદરા પણ હિન્દમાંથી પશ્ચિમના દેશો તરફ મોકલવામાં આવતા. આપણે આ ઉપરથી કલ્પિ શકીએ કે તે વખતે હિન્દનો બીજા દેશો



અસલના જમાનાનાં શબ્દ ચિત્રો



એક દેવળનું અંદર : કર્નાક, ઇજિપ્ત

સાથે ઘણો વહેપાર ચાલતો હશે, અને જ્યાં લોકો સુધરેલા હોય ત્યાં જ વહેપાર સારી રીતે ચાલી શકે.

આ વખતે હિન્દમાં અને ચીનમાં નાનાં નાનાં રાજ્યો હતાં. આમાંનો એક પણ દેશ સરકારના તાબામાં ન હતો. દરેક શહેર પોતાની જાતે જ વ્યવસ્થા કરી લેતું; એટલે ઘણાં ખરાં શહેરો પ્રજાસત્તાક હતાં. તે વખતે રાજાઓ ન હતા પણ વ્યવસ્થાને માટે પંચ નીમવામાં આવતું. આમાંનાં કેટલાંક બહુ જ નાનાં રાજ્યો હતાં. કેટલીક વખતે એક મોટું રાજ્ય કેટલાંક નાનાં રાજ્યો ઉપર સત્તા ભોગવતું.

ચીનમાં આ નાનાં રાજ્યોમાંથી એક મોટું સામ્રાજ્ય ઉત્પન્ન થયું. આ સામ્રાજ્યના વખતમાં જ 'ચીનની મોટી દિવાલ' (**Great Wall of China**) બંધાઈ હતી. તેં આ ઘણી જ મોટી દિવાલ વિષે વાંચ્યું છે. બીજી મોંગોલીઅન જાતો ચીન ઉપર હુમલો ન કરી શકે એટલા માટે આ દિવાલ ઉત્તરમાં—દરિયામાંથી માંડીને છેક ઊંચા પર્વતો સુધી—બાંધવામાં આવી હતી. આ દિવાલ ૧,૪૦૦ માઈલ લાંબી છે. ૨૦ થી ૩૦ ફૂટ ઊંચી છે અને ૨૫ ફૂટ પહોળી છે. વચ્ચે વચ્ચે કિલ્લાઓ રાખવામાં આવ્યા છે. જો આવી દિવાલ હિન્દમાં બાંધવામાં આવી હોત તો તેની લંબાઈ ઉત્તરમાં લાહોરથી દક્ષિણમાં મદ્રાસ સુધીની થાત. અત્યારે પણ જો તું ચીનમાં જાય તો આ દિવાલને જોઈ શકે.

૨૨. દરીઆઇ મુસાફરીઓ અને વ્યાપાર

બીજી જૂના વખતની એક 'ફોએનીસીઅન' (Phoenician) નામે જાત હતી. તેઓ આરબની જાતના જ હતા. તેઓ હાલના તુર્કસ્તાનમાં રહેતા. તેઓ પોતાના વહેપારાર્થે મોટી મુસાફરીઓ માટે પ્રખ્યાત છે. તેઓ આખો ભૂમધ્ય સમુદ્ર ખૂંદી વળ્યા, તેમજ ઇંગ્લેન્ડ પણ દરીઆ માર્ગે ગએલા. તેઓ કદાચ હિન્દમાં પણ આવ્યા હશે.

હવે આપણે મુખ્ય બે વસ્તુઓ જોઈએ છીએ. એક તો દરીઆઈ મુસાફરી અને બીજો વહેપાર. અત્યારના જેવાં મોટાં દરીઆઈ વહાણો તે વખતે ન હતાં. ઝાડનાં થડ કોતરીને જ વહાણો બનાવવામાં આવતાં. એ દિવસોમાં આવી મુસાફરીઓ ઉત્સાહથી ભરપુર અને આનંદદાયક હોવી જોઈએ. એક બહુ જ નાના શઢવાળા વહાણને અરબી સમુદ્રમાંથી પસાર થતું ધાર!

એમાં ફરવા હરવાની બહુ જ ઓછી જગ્યા હશે; સહેજ પણ પવન તેને હલાવી નાખતો હશે અને ઘણી વખત તો આવી નાની હોડીઓ ડૂબી પણ જતી હશે. ફક્ત બહાદુર માણસો જ આવી હોડીઓ દરીઆમાં ફેરવવાની હિંમત કરતા. આ કામ બહુ જ જોખમભરેલું હતું, અને કેટલી વખત તો મહિનાઓના મહિનાઓ સુધી આ લોકો જમીન દેખી પણ શકતા નહિ. આવા વિચિત્ર ખલાસીઓની કેટલીય વાતો આપણા વાંચવામાં આવે છે.

ભય જાણ્યા છતાં પણ આ લોકો દરીઆઈ મુસાફરીએ જતા. કેટલાકને તેમાં શોખ પડતો એટલે જતા. પરંતુ તેમાંના ઘણાખરા તો પૈસાના અને સોનાના મોહને માટે જ જતા.

વહેપાર શું છે અને તે કેવી રીતે શરુ થયો? અત્યારે મોટી દુકાનોમાં જઈ ગમે તે ચીજ ખરીદવી એ ઘણું સહેલું છે, પરંતુ આ બધી વસ્તુઓ કયાંથી આવે છે તેનો તેં કોઈ દિવસ વિચાર કર્યો છે? તું અલ્લાહાબાદની કોઈ એક દુકાનમાંથી ગરમ શાલ ખરીદે. એ કાશ્મીરમાંથી આવી હશે અને ઊન ઘેટાં ઉપરથી લઈ લેવામાં આવ્યું હશે. દંતમંજન વહાણો મારફતે તથા રેલ્વે મારફતે અમેરિકામાંથી આવતું હશે. તેવી જ રીતે તું ચીનમાં, જાપાનમાં, પેરીસમાં અથવા લંડનમાં બનાવેલી ચીજો ખરીદી શકે. પરદેશમાં બનેલો કોઈ કાપડનો ટુકડો અહીંના બજારમાં વેચાય તે વિષે તું વિચાર કર. હિન્દમાં તૈયાર થએલુ રૂ ઇંગ્લેન્ડ મોકલવામાં આવ્યું. કોઈ મોટી મીલે તેને ખરીદ્યું અને તેમાંથી કાપડ બનાવ્યું. આ કપડું પાછું હિન્દમાં આવ્યું.

આ ઉપરથી એમ જણાય છે કે આમાં પૈસાનો, વખતનો તેમજ શક્તિનો ખોટો વ્યય થાય છે. હિન્દમાં જ જો એ રૂનું કાપડ બનાવવામાં આવે તો તે વધારે સસ્તું અને સારું થાય. તું જાણે છે કે આપણે પરદેશી કાપડ પહેરતાં નથી. આપણે ખાદી જ પહેરીએ છીએ, કારણ કે આપણા દેશમાં જ બનાવેલું કાપડ ખરીદવું એ વધારે સારું છે. જે ગરીઓ સુતર કાંતે છે તથા વણે છે તેમને આપણે ખાદી પહેરીને મદદ કરીએ છીએ.

આ રીતે અત્યારે વહેપાર બહુ જ ગૂંચવણ ભરેલો થઈ પડયો છે. મોટાં વહાણો હંમેશાં એક દેશનો માલ બીજે દેશ લઈ જાય છે. પરંતુ પહેલાંના વખતમાં આવું ન હતું.

સૌથી જૂના વખતમાં બહુ જ થોડો વહેપાર ચાલતો. માણસ જે કોઈ વસ્તુ ઇચ્છતો તે તેને પોતાની જાતે જ બનાવી લેવી પડતી. અથવા કંઈકથી મહા મહેનતે મેળવવી પડતી. તે વખતે માણસને ઘણી વસ્તુઓની જરૂર નહતી. પછીથી મેં કહ્યું છે તે પ્રમાણે કામની વહેંચણી થઈ. આથી માણસો જુદી જુદી જાતનું કામ કરવા લાગ્યા, અને જુદી જુદી જાતની વસ્તુઓ બનાવવા લાગ્યા. કેટલીક વખત એમ બન્યું હશે કે એક ટોળી પાસે અમુક જાતની પુષ્કળ વસ્તુઓ હશે; જ્યારે બીજા પાસે બીજી જાતની ઘણી વસ્તુઓ હશે. તેથી તેમને સાટાં કરવાં જરૂરનાં થઈ પડયાં. દાખલા તરીકે—એક ટોળી બીજીને ગાય આપે અને બદલામાં અનાજ લે. તે વખતે પૈસા ન હતા. વસ્તુઓનાં સાટાં જ થઈ શકતાં. થોડું અનાજ મેળવવાને માટે ગાય અથવા ઘેટાં આપવાં પડતાં ! આવી સ્થિતિ હતી તો પણ વહેપાર વધતો જ ચાલ્યો.

જ્યારે સોનું રૂપું શોધાયું ત્યારે લોકો તેનો વહેપાર કરવા લાગ્યા. આથી વહેપારનું કામ સરળ બન્યું, અને સોના રૂપાના બદલામાં વસ્તુઓ લેવાનો રિવાજ થઈ ગયો. જે પહેલા માણસે આ બાબત વિષે વિચારી હશે તે ઘણો ડાહ્યો હોવો જોઈએ. તે વખતે અત્યારના જેવા સિક્કાઓ ન હતા. સોનું જોખાતું અને બીજાને અપાતું. ત્યાર પછી કેટલાય વખતે સિક્કાઓ પાડવામાં આવ્યા. આથી વહેપાર સૌથી સરળ બની ગયો. લોકો સિક્કાની કિંમત જાણતા એટલે સોનાને જોખવાની જરૂર પડતી નહિ. અત્યારે દરેક સ્થળે આવા સિક્કા જ વપરાય છે. પરંતુ આપણે યાદ રાખવું જોઈએ કે પૈસો પોતે સારી ચીજ નથી. એ આપણને માલની ફેરબદલી કરવામાં મદદ કરે છે. તને ‘ મીનોસ ’ રાજાની વાત યાદ હશે કે જેની પાસે પુષ્કળ સોનું હતું પણ ખાવાનું કાંઈ નહતું ! આથી જો પૈસા સાટાં કરવામાં જ વપરાય તો કિંમત વિનાના.

અત્યારે પણ કેટલાંક ગામડાંઓમાં પૈસાને માટે ઘણી લેવડદેવડ ચાલતી નથી. બીજે બીજે સામાન આપી લોકો સાટાં કરે છે. તો પણ પૈસો વધારે અનુકૂળ હોવાથી વધારે વપરાય છે. કેટલાક મૂર્ખા માણસો પૈસાને ઘણા જ સારા માની સંઘરી રાખે છે, અને બીલકુલ તેને વાપરતા નથી. આ એમ બતાવે છે કે આવા લોકો પૈસા શું છે અને કેવી રીતે વપરાશમાં આવ્યા તે જાણતા નથી.

૨૩ . . . . . . ભાષા, લેખન આંકડા

આપણે જુદી જુદી ભાષાઓનો એક બીજા સાથે કેવો સંબંધ છે તે જોયો છે. કેવી રીતે ભાષાની શરુઆત થઈ તે વિષે હવે આપણે વિચાર કરીએ.

કેટલાંક પશુઓ પણ અમુક જાતના શબ્દ વાપરે છે. એમ કહેવાય છે કે વાંદરા કેટલીક સામાન્ય વસ્તુઓને માટે અમુક જાતનો અવાજ કરે છે. જ્યારે કેટલાંક પશુઓ ભયમાં હોય છે અને પોતાની જાતનાં બીજાંને તે માટે ચેતાવવા ઇચ્છે છે ત્યારે તેઓને અમુક જાતનો અવાજ કરતાં અથવા બૂમો પાડતાં તું જુએ છે.

કદાચ આવી જ રીતે માણસોમાં ભાષાની શરુઆત થઈ હશે. પહેલાં બીકની અને ચેતવણીની સાદી બૂમો હશે. વળી વધારે કેટલાંક માણસો ભેગાં કામ કરે છે ત્યારે અમુક જાતનો જ અવાજ ઉત્પન્ન થાય છે. તેં માણસોને મોટું વજન ઉચકતા જોયા છે ? આપણને એ જોતાં માલમ પડે છે કે બધાની

એક જ વખતે પાડેલી બૂમ તેમને કામ કરવામાં કંઈક મદદ કરે છે. આવી બૂમો કદાચ માણસોના પહેલા જ વપરાએલા શબ્દો હશે.

પછી ધીમે ધીમે પાણી, અગ્નિ, ઘોડો અને એવા જ બીજા કેટલાક સાદા શબ્દો હયાતીમાં આવ્યા. ઘણું કરીને નામ જ હયાતીમાં આવ્યાં, ક્રિયાપદો નહિ. જો કોઈ માણસ તેણે રીંછ જોયું હતું એમ કહેવા ઇચ્છે તો તે 'રીંછ' એમ એક જ શબ્દ બોલશે અને નાના બાળકની માફક તેની તરફ આંગળી કરશે. આ વખતે ભાગ્યેજ ઘણી વાતચીત થતી હશે!

પછી નાનાં તેમ જ મોટાં વાકયો બોલવા લાગ્યાં. જુદી જુદી જાતના લોકો માટે એક જ ભાષા ન હતી. પરંતુ એ જ વખતે ઘણી ભાષાઓ પણ હોઈ શકે નહિ. તને કહ્યું છે તે પ્રમાણે તે વખતે બહુ જ થોડી ભાષાઓ હતી, અને જેમાંની દરેક પછી આગળ વધતી જ ચાલી.

સુધારાઓ દાખલ થયા તે વખતે ભાષાઓ ઘણી જ આગળ વધી ગઈ હતી. પુષ્કળ ગાયનો હતાં, કવિઓ હતા અને ગવૈયાઓ એ ગાયનો ગાતા. તે વખતે બહુ લખવાનું ન હતું તેમ જ પુસ્તકો પણ ન હતાં. આથી લોકોને યાદ બહુ રાખવું પડતું. કાવ્યો યાદ રાખવાં સહેલાં છે. આથી એ વખતે સુધરેલા દેશોમાં ગાયનો તેમ જ કાવ્યો ઘણાં જ પ્રચલિત થઈ ગયાં હતાં.

મરણ પામેલા બહાદુરોની કીર્તિ ગાવામાં ગવૈયાઓને ઘણો રસ પડતો. તે વખતના લોકોને પણ લઢવામાં ઘણી

મઝા પડતી. આથી બહાદુરીનાં ગાયનો ઘણાં બનવા લાગ્યાં. આવાં ગાયનો આપણને હિન્દમાં તેમ જ બીજા દેશોમાં પણ અત્યારે માલમ પડે છે.

લખવાની પદ્ધતિ પણ શરુ થઈ ગઈ હતી. મેં તને ચીનના લખાણ વિષે કહ્યું છે આવાં લખાણ ચિત્રોથી જ શરુ થએલાં હશે. જો કોઈ માણસ મોર વિષે કંઈ કહેવા માગતો તો તે મોરનું ચિત્ર દોરતો. અલબત્ત, આ રીતે કોઈ ઘણો વખત લખી શકે નહિ. ધીમે ધીમે આ ચિત્રો સાદાં ને સાદાં થયાં હશે. ઘણા વખત પછી મૂળાક્ષરો શોધવામાં આવ્યા અને તેની શરુ-આત થઈ. આ રીતે લખવાનું કામ એકદમ વધારે સહેલું થઈ ગયું અને પ્રગતિ પણ જલદી થવા માંડી.

આંકડાઓ અને ગણવાનું એ એક મોટી શોધ હોવી જોઈએ. આંકડા સિવાય કોઈ પણ જાતનો ધંધો કેવી રીતે થઈ શકે એ જાણવું અઘરું છે. જે માણસોએ આ આંકડાઓ શોધી કાઢ્યા હશે તે બહુ જ વિદ્વાન અને ચાલાક હોવા જોઈએ. પહેલાં યુરોપના આંકડા વિચિત્ર જરા હતા. તું 'રોમન' આંકડા જાણતી હશે—(I, II, III, IV) આ જરા વિચિત્ર છે, અને ગોઠવવા અઘરા છે. જે આંકડાનો અત્યારે આપણે ઉપયોગ કરીએ છીએ તે વધારે સહેલા છે તે (1, 2, 3, 4) વગેરે છે. આ અરબી આંકડા કહેવાય છે; કારણ કે યુરોપના લોકોએ અરબો પાસેથી જ આ આંકડા જાણી લીધા હતા. પરંતુ અરબો હિન્દીઓ પાસેથી શીખ્યા હતા તેથી તેમને 'હિન્દી આંકડાઓ' કહેવા એ વધારે સારુ થઈ પડશે.

૨૪ . . . . લોકોની જુદી જુદી જાતો

છોકરાઓને, છોકરીઓને તથા કેટલાક પુખ્ત ઉંમરના માણસોને ઈતિહાસ અમુક જ રીતે શીખવાડવામાં આવે છે. તેઓ રાજાઓનાં તથા બીજા લોકોનાં નામ, અને લડાઈઓની તારીખ શીખે છે; પરંતુ ઈતિહાસ રાજાઓ અને લઢાઈઓનો બનેલો નથી. ઈતિહાસમાંથી આપણને દેશના લોકો વિષે, તેઓ કેવી રીતે રહેતા, તેઓ શું કરતા, વગેરે જાણવાનું મળવું જોઈએ, અને જો આપણે આવી જ રીતે ઈતિહાસ શીખીએ તો તેમાંથી આપણે ઘણું શીખીએ. પહેલાંના ઈતિહાસનો અભ્યાસ આપણને પહેલાંના લોકો સારા થતા જતા હતા કે નહિ અને તેઓ સુધરેલા હતા કે નહિ તે જાણવામાં ઘણી મદદ કરે છે.

અલબત્ત, દરેક માણસે મોટા માણસોના જીવનમાંથી કંઈક ને કંઈક તો શીખી લેવું જોઈએ. પરંતુ આપણે પહેલાંના જુદી જુદી જાતના લોકોની સ્થિતિ વિષે પણ શીખવા પ્રયત્ન કરવો જોઈએ.

મેં તને ઘણા પત્રો લખ્યા છે. આ મારો ચોવીસમો પત્ર છે. અત્યાર સુધી આપણે ઘણી જ પહેલાંની બાબતો વિષે ચર્ચા કરી છે. એ વખત વિષે આપણે ઘણું જ થોડું જાણીએ છીએ. આપણે એને ઈતિહાસ કહી શકીએ નહિ; પરંતુ તેને ઈતિહાસનું પ્રથમ પગથીઉં કહી શકીએ. આપણે પહેલાંના સુધારાની વાત છોડી દઈએ તે પહેલાં એ વખતમાં સહેજ ડોકીઉં કરીએ અને જોઈએ કે તેમાં જુદી જુદી જાતના કેવા લોકો રહેતા હતા.

પહેલાંના લોકોએ જુદી જુદી જાતનું કામ કરવાનું કેવી રીતે શરૂ કર્યું, તે આપણે જોયું. તે વખતે કામની વહેંચણી થઈ હતી. આપણે જોયું છે કે કેવી રીતે કુલપતિ બીજા લોકોથી જુદો પડયો અને ફક્ત કામની વ્યવસ્થા કરવા લાગ્યો. પછીથી તે બહુ જ ઉચ્ચ કોટિનો માણસ કહેવાવા લાગ્યો. આવી રીતે આપણને લોકોના બે વર્ગ માલમ પડે છેઃ—એક વર્ગ વ્યવસ્થા કરતો અને હુકમ આપતો, જ્યારે બીજો વર્ગ કામ કરતો. વ્યવસ્થા કરનાર વર્ગ પાસે વધારે સત્તા હતી. જે લોકો કામ કરતા તેમની પાસેથી આ વર્ગ વધારે ને વધારે પૈસા લેવા લાગ્યો અને વધારે પૈસાદાર બન્યો.

જ્યારે કામની વહેંચણી થઈ ત્યારે જુદા જુદા લોકો ઉત્પન્ન થયા. રાજા, તેનું કુટુંબ અને તેના કેટલાક અધિકારીઓ વ્યવસ્થા કરવાનું કામ કરતા અને દેશને માટે લડતા. તેઓ બીજું કાંઈ પણ કરતા નહિ.

ત્યાં મંદિરોમાં પૂજારીઓ હતા. તેઓ તે દિવસોમાં બહુ જ અગત્યના હતા, અને તેમનું કામ આપણે પછીથી જોઈશું.

ત્રીજા વેપારીઓ હતા. આ લોકો એક દેશથી બીજે દેશ માલ લઈ જતા અને દુકાનો ખોલતા.

ચોથા કારીગરો હતા. આ લોકો કાંતતા તેમ જ લુગડાં વણતા, વાસણો બનાવતા, તાંબાનો સામાન બનાવતા, સોના અને હાથીદાંત ઉપર કામ કરતા અને બીજી પણ કેટલીક વસ્તુઓ બનાવતા. શહેરોમાં તેમ જ ગામડાંમાં આ લોકો વસવાટ કરતા.

છેવટનો વર્ગ ખેડુતોનો અને મજૂરોનો આવે છે. આ લોકો ખેતરોમાં તેમ જ શહેરોમાં કામ કરતા. આ વર્ગની સંખ્યા સૌથી મોટી હતી. બાકીના બધા વર્ગ આ લોકો પાસેથી કંઈક ને કંઈક પડાવવા મથતા.

૨૫ રાજાઓ, મંદિરો અને પૂજારીઓ

આપણે છેલ્લા પત્રમાં લોકોના જુદી જુદી જાતના પાંચ વર્ગ જોયા. ખેડુતોનો અને મજૂરોનો સૌથી મોટો વર્ગ હતો. ખેડુતો જમીન ખેડતા અને પાક પકવતા. જો આ લોકો જમીન ઉપર બીલકુલ ખેતી કરતા ન હોત તો અનાજ પાકત નહિ. આથી ખેડુત લોકો એ વખતે અગત્યનો ભાગ ભજવતા. એમના વિના બીજા લોકો ભૂખે મર્યા હોત. મજૂરો પણ જમીન ઉપર તેમજ શહેરોમાં કામ કરતા. જો કે આ લોકો પુષ્કળ કામ કરતા અને દરેકને જરૂરના હતા તોપણ તેઓ ઘણું જ ઓછું મહેનતાણું મેળવતા. તે લોકો જે કાંઈ પેદા કરતા તેમાંથી ઘણું-ખરું રાજા અને તેનાજ વર્ગના બીજા લોકો લઈ લેતા.

રાજા અને તેના વર્ગના માણસો પાસે ઘણી સત્તા હતી. પહેલાંના વખતમાં જમીન આખી ટોળીનીજ માલિકીની હતી. પરંતુ જેમ રાજા અને તેના વર્ગના માણસોની સત્તા વધી તેમ તેમણે કહ્યું કે જમીન તેમની માલિકીની છે. આ રીતે તેઓ જમીનના માલિક બન્યા અને ખેડુતો કે જે આખો દિવસ સખત કામ કરતા તેઓ તેમના ગુલામ બન્યા. ખેડુત લોકો જે કંઈ પકવતા તેમાંથી મોટો ભાગ રાજાના માણસો લઈ લેતા.

આ વખતે કેટલાંક મંદિરોને પણ એમની માલિકીની સત્તા હતી.

હવે આપણે જોઈએ કે આ મંદિરો અને તેમના પૂજારીઓ કોણ હતા. મેં તને મારા એક પત્રમાં કહ્યું છે કે કેટલીક વસ્તુઓ સમજ્યા વિના આ લોકો તેનાથી બીતા અને તેથી તે લોકોએ દેવોને તેમજ ધર્મને માનવાનું શરુ કર્યું. તે લોકો નદીને, પર્વતોને તેમજ ઘણી વસ્તુઓને દેવો તરીકે જ પૂજતા અને તેમનાથી બીતા. આથી તેઓ એમ ધારતા કે આ દેવો તેમને શિક્ષા કરવા માગે છે. તેમના દેવો તેમની માફકજ ક્રૂર હતા અને આ લોકો તેમને બલિદાન આપીને ખૂશ કરવા પ્રયત્ન કરતા.

આ દેવો માટે મંદિરો બનાવવામાં આવ્યાં. મંદિરમાં અમુક પવિત્ર સ્થળ રાખવામાં આવતું જ્યાં દેવોની આકૃતિ ખડી કરવામાં આવતી અને લોકો તેને પૂજતા. તેઓ આવી આકૃતિઓ વિના ભક્તિ કરી શકતા નહિ તેથી તેમણે આવી

આકૃતિઓ બનાવી અને તેમને મંદિરોમાં મૂકી. આ આકૃતિઓ કેટલીક વાર ઘણી જ ખરાબ લાગતી. કેટલીક આકૃતિઓ વિકરાળ પશુઓની અથવા તો અર્ધી પશુની અને અર્ધી મનુષ્યની હતી. ઈજીપ્તમાં એક વખત એવો હતો કે જ્યારે ત્યાંના લોકો બિલાડીને પૂજતા. બીજો વખત એવો હતો કે જ્યારે તેઓ વાંદરાને પૂજતા. આ લોકો શાથી આવી આકૃતિઓને પૂજતા તે સમજવું બહુ અઘરું છે. જો કોઈ આકૃતિને પૂજવી હોય તો શા માટે તેને સુંદર ના બનાવવી? પણ કદાચ આ લોકો દેવોને બહુ જ ભયંકર માનતા હશે એટલે તેમણે આવી ભયંકર આકિૃતિઓ બનાવી હશે.

અત્યારે જેમ લોકો ધારે છે કે પ્રભુ એક અગાધ શક્તિ છે તેમ પહેલાંના લોકો જાણતા નહિ. તે એમ ધારતા કે પુષ્કળ દેવદેવીઓ છે અને કદાચ તેઓ એક બીજા સાથે લડી મરે છે. જુદા જુદા દેશોમાં જુદા જુદા દેશોમાં જુદી જુદી જાતના દેવો પૂજાતા.

આ વખતે મંદિરો પૂજારીઓથી ભરેલાં હતાં. ઘણું કરીને આ પૂજારીઓ લખતા વાંચતા જાણતા અને બીજાઓ કરતાં વધારે ભણેલા હતા. આથી તેઓ રાજાઓને શિખામણ આપનારાઓ બન્યા. તે વખતે આ પૂજાઓ પુસ્તકોની નકલો કરતા. તેઓ ડાહ્યા ગણાતા. તેઓ વૈદું પણ કરી જાણતા. વારંવાર લોકોની આગળ પોતાનું ડહાપણ બતાવવા તેઓ તેમને જુદી

જુદી જાતની યુક્તિઓ બતાવતા. લોકો સાદા અને અભણ હોવાથી પૂજારીઓને જાદુગર જાણીને તેમનાથી બીતા.

આ લોકો સમજ હોવાથી દરેક માણસ જ્યારે મુશ્કેલીમાં આવતો અથવા માંદો પડતો ત્યારે તેમને ઘેર જતા. તે વખતે પંચાંગ પણ નહતાં. આથી પણ લોકોને આ પૂજારીઓની જરૂર પડતી. આ પૂજારીઓ તેમને ઘણી બાબતમાં મદદ કરતા અને તેમણે આ લોકોને ઘણા આગળ ધપાવ્યા.

એ શકય છે કે જ્યારે લોકોએ વસવાટ શરુ કર્યો ત્યારે તેમને દોરનાર, રાજા નહિ પરંતુ પૂજારીઓ હતા. પછીથી રાજાઓ હયાતીમાં આવ્યા અને તેઓ સારું લડી શકતા હોવાથી આ લોકોને દૂર કરવામાં ફત્તેમંદ થયા. કેટલીક જગ્યાએ તો એક જ માણસ રાજા હતો તેમજ પૂજારી હતો. આ લોકો દેવોના અંશ રૂપ ગણાતા અને જ્યારે તેઓ મરણ પામતા ત્યારે તેમને દેવો જેમ ગણી લોકો તેમની પૂજા કરતા.

૨૬ . . . . પાછળ ડોકીઉં

તું મારા પત્રોથી કંટાળી ગઈ હશે એટલે હમણાં હું તને કંઈ નવું નહિ લખું. હું તને આ બધા ઉપર વિચાર કરી જવા કહું છું. પૃથ્વી એ સૂર્યનો એક ભાગ હતો અને આપણે જોયું કે તે કેવી રીતે છુટો પડી ઠંડો પડી ગયો. કેટલાંય વર્ષો સુધી જીવનની શરુઆત થઈ ન હતી. લાખો વર્ષો સુધી જીવન ધીમે ધીમે શરુ થયું. લાખો વર્ષો વિષે વિચાર કરવો એ ઘણી અઘરી બાબત છે. તું હજી દસ વર્ષની છે તો પણ કેવી મોટી લાગે છે! તારે માટે સો વર્ષ પણ ઘણાં વધારે છે. તો પછી હજાર (!) અને દસ લાખ કે જે હજાર કરતાં હજાર ગણું છે (!) તેનું શું ? આપણે ધારીએ છીએ કે આપણે બહુ જરૂરના છીએ અને નાની નાની ચીજો આપણને



એક છોડનું ફાસીલ



મેમોથ-રાક્ષસી કદનો હાથી.

દુઃખ દે છે. પરંતુ આવા નાના બનાવો એ આવડા મોટા ઈતિહાસમાં શા હિસાબના છે?

કેટલાય વખત સુધી જીવનની શરુઆત થઈ ન હતી, અને લાંબા વખત પછી દરિયાઇ પ્રાણીઓ હયાતીમાં આવ્યાં. પછી પશુઓ હયાતીમાં આવ્યાં અને લાખો વર્ષો સુધી તેમનો શિકાર કરનાર કોઈ માણસ ન હતો, જ્યારે માણસ પહેલવહેલો આવ્યો ત્યારે તે પોચામાં પોચું પશુ હતું. તે ઘણો જ નાનો હતો. ધીમે ધીમે હજારો વર્ષો પછી તે બળવાન ને હોશિયાર બન્યો. પછી તે બધાં પશુઓનો ઉપરી બન્યો. અને બીજાં બધાં પશુઓ તેનાં ગુલામ બની ગયાં.

પહેલાંના વખતના સુધારા આપણે જોયા છે. હવે આપણે લાખો વર્ષો પહેલાંની વાત જોવાની નથી. આપણે ચારસો પાંચસો વર્ષ પહેલાંની જ વાત કરીએ છીએ. પરંતુ આપણે લાખો વર્ષો પહેલાંની વાત કરતાં આ ચારસો પાંચસો વર્ષના ગાળાની વાત વધારે સારી રીતે જાણીએ છીએ. આજ અરસામાં મનુષ્યોની ચઢતી થઈ છે. જ્યારે તું મોટી થઈશ ત્યારે આ વિષે તું ઘણું વાંચીશ. હું તો તેનો કંઈક ખ્યાલ આપવા થોડું જ લખીશ.

૨૭. માછલીઓના અવશેષોનાં ચિત્રો

હું તને થોડાંક ચિત્રો મોકલું છું. હું ધારું છું કે મારા લાંબા અને અપ્રિય કાગળો કરતાં તને તે વધારે ગમશે! એ ચિત્રો લંડનના સંગ્રહસ્થાનની માછલીઓના અવશેષોનાં (Fossils) છે. તેં આ અવશેષો ત્યાં જોયા હશે. ગમે તેમ પણ આ ચિત્રો તને જુની માછલીઓનાં અવશેષો કેવા હોય છે તેનો કંઈક ખ્યાલ આપશે.

આ અવશેષો મેં તને કહ્યું છે તે પ્રમાણે જના પશુઓની બાકી રહેલી વસ્તુઓ અને પર્વતોમાંથી મળેલી બીજી વધેલી વસ્તુઓ છે. પશુઓના પોચા અવયવો લાંબો વખત ટકી રહ્યા નહિ, પરંતુ કઠણ અવયવો ઘણા વખત સુધી એની એજ સ્થિતિમાં રહ્યા. તેમાંના ઘણાખરા કાદવથી દરિયાની તળીએ

ઢંકાઈ રહ્યા. આ કાદવ ધીમે ધીમે કઠણ બન્યો અને દરિયાનું તળ ઉપર આવી સુકી જમીન જેવું થઈ ગયું. આથી આ અવશેષો અત્યારે આપણને સુકી જમીન ઉપર માલમ પડે છે.

આમાંના કેટલાક અવશેષો ચિત્રોમાં બતાવેલ છે. તે બહુ ચોકખા નથી. આમાંના બે સાચા અવશેષો નથી પરંતુ તેના નમુના છે.

એક અવશેષમાં ફક્ત માછલીના દાંત જ બતાવવામાં આવ્યા છે.

આમાંના બે બહુ જ ચોકખા છે. આમાં કેવી રીતે માછલીઓએ પર્વતો ઉપર પોતાની નિશાની મૂકેલી છે તે ચોકખું બતાવવામાં આવ્યું છે. લાખો વર્ષો પછી પણ આપણે કહી શકીએ છીએ કે આવી માછલીઓ તે વખતે હયાતીમાં હશે!

આ ચિત્રો આ પત્ર સાથે રાખી મૂકજો જેથી કરીને બીજા ચિત્રો આની સાથે ભેગાં થઈ જાય.

૨૮ . . . . અવશેષો

મેં તને ઘણા વખત સુધી પત્ર લખ્યો નથી. મારા છેલ્લા બે પત્રોમાં મેં તને પહેલાંના વખત વિષે થોડું ઘણું જણાવ્યું હતું. તને આ અવશેષોનો ખ્યાલ આપવા મેં થોડાંક ચિત્રો મોકલ્યાં છે. મસુરીમાં જ્યારે આપણે મળ્યાં હતાં ત્યારે મેં તને બીજા કેટલાક અવશેષોનાં ચિત્રો બતાવ્યાં હતાં.

તું પેટ ચાલનાર પ્રાણીઓના અવશેષો ઉપર વધારે ધ્યાન આપશે. આ પ્રાણીઓ પેટ ચાલે છે. દાખલા તરીકે સાપ, ગરોળી, મગર વગેરે જુના વખતનાં પ્રાણીઓ આજના જેવાં જ હતાં; પરંતુ તે બહુ મોટાં અને વિકરાળ હતાં. સંગ્રહસ્થાનમાં જોએલાં આવાં મોટાં પ્રાણીઓ તને યાદ હશે. તેમાંનું એક ત્રીસથી ચાળીસ ફૂટ ઉંચું હતું. ત્યાં એક જાતનો એવો દેડકો

હતો કે જે માણસથી પણ મોટા હતો. એ કાચબો પણ એટલો જ મોટો હતો. તેમાં મોટાં ચામાચીડીઆં આમથી તેમ ઉડતાં હતાં અને બીજું એક એવું પ્રાણી હતું કે જે જ્યારે ઉભું થતું ત્યારે નાના વૃક્ષ જેવું દેખાતું.

તેં સુંદર છોડવાઓના પણ આવા અવશેષો જોયા હતા.

આ પ્રાણીઓના પછી ધરાવનારાં પ્રાણીઓ આવ્યાં. આપણે તેમ જ આપણી આજુબાજુનાં કેટલાંક પ્રાણીઓ આજ જાતનાં છે. એ પ્રાણીઓ અત્યારના કરતાં બહુ જુદી જાતનાં ન હતાં. તેઓ વધારે મોટાં હતાં છતાં પેટે ચાલનારાં પ્રાણીઓ કરતાં વધારે મોટાં ન હતાં. તે વખતે મોટા મોટા હાથીદાંત-વાળા હાથીઓ હતા. મોટાં મોટાં રીંછ પણ તે વખતે હયાતીમાં હતાં.

તેં માણસોના પણ કેટલાક અવશેષો જોયા છે. આ બહુ જ મઝાના ન હતા, કારણ કે તેમાં કેટલાંક હાડકાં અથવા તો ખોપરી જ હતી.

મેં તને ઈજીપ્તની કબરોનાં કેટલાંક સુંદર ચિત્રો દેખાડયાં છે. આમાંનાં કેટલાક બહુ જ સુંદર હતાં. લાકડાના કફન ઉપર મરણ પામેલા લોકોનો ઈતિહાસ આલેખવામાં આવતો. આવી કબરોની દિવાલો ઉપર પણ બહુ જ સુંદર ચિત્રો હતાં.

તેં ઈજીપ્તમાં મહેલોનાં અને મંદિરોનાં ખંડિયરો જોયાં છે. તે મોટા મોટા થાંભલાવાળાં મકાનો હતાં. ત્યાં આગળ 'કોલોસસ' (Colossus)નું એક મોટું પુતળું છે.

નાશ પામેલાં મંદિરોનાં પણ ચિત્રો ત્યાં હતાં. આપણે આના ઉપરથી સહેજ વિચાર કરી શકીએ કે જુના વખતના ઈજીપ્તના બાંધકામ કરનારા કેવા હશે. જો તેઓને ઇજનેર ખાતાનું બરાબર જ્ઞાન ન હોય તો આવાં મકાન તેઓ બાંધી જ ના શકે.

આપણે આ નાનો પત્ર પુરો કર્યો છે. હવેના પત્રમાં આપણે આગળ જઈશું.

૨૯ . . . આર્યોનું હિન્દમાં આવવું

અત્યાર સુધી આપણે બહુ જુના વખતની વાતો કરી છે. આપણે હવે માણસે શું શું કર્યું તે જોઈશું. આ જુના વખતનો ઈતિહાસ પહેલાંનો કાળ કહેવાય છે; એટલે કે એ વખતનો ચોક્કસ ઈતિહાસ મળવો મુશ્કેલ છે. આમાં આપણે ઘણુંખરું ધારી લેવાનું છે, અને હવેથી આપણે સાચો ઈતિહાસ લઈશું.

આપણે જોઈએ કે હિન્દમાં પહેલું શું બન્યું. આપણે જોયું છે કે બહુ જ જુના વખતમાં હિન્દ ઈજીપ્તના જેવો જ સુધરેલો દેશ હતો. ત્યાં વહેપાર ચાલતો અને વહાણો મારફતે હિન્દનો સામાન ઈજીપ્ત, મેસોપોટેમીઆ અને બીજા દેશોમાં જતો. તે દિવસોમાં હિન્દમાં રહેતા લોકો 'દ્રાવિડીઅન' કહેવાતા. અત્યારે પણ દક્ષિણ હિન્દમાં એમના વંશજો માલમ પડે છે.

ઉત્તરમાંથી આર્યોએ આ લોકો ઉપર હુમલો કર્યો. આ આર્યો મધ્ય એશિયામાં પુષ્કળ હોવા જોઈએ અને ત્યાં બધાને પુરતો ખોરાક નહિ મળવાથી તેઓ બીજા દેશો તરફ નીકળી પડયા હશે. તેઓ મોટી સંખ્યામાં ઈરાન, ગ્રીસ અને પશ્ચિમ તરફ જવા લાગ્યા. હિન્દમાં કાશ્મીરના પહાડો નજીક પણ તેઓ ટોળાબંધ આવ્યા.

આ આર્ય લોકો ઘણા બળવાન હતા તેથી તેમણે દ્રાવિડીઅનોને હાંકી કાઢયા. આ રીતે આર્યોનાં પુષ્કળ ટોળાં ઉતરી આવ્યાં હશે. કદાચ પહેલા દ્રાવિડીઅનોએ તેમને અટકાવ્યા હશે; પરંતુ જ્યારે આર્યોનાં પુષ્કળ ટોળાં આવવા લાગ્યાં ત્યારે તેમનું કાંઈ ચાલ્યું નહિ. ઘણો વખત આર્યો ઉત્તરમાં પંજાબ અને અફઘાનિસ્તાનમાં રહ્યા. પછી તેઓ સંયુક્ત પ્રાંતો તરફ આવ્યા. પછીથી તેઓ વિન્ધ્યાચળમાં અને મધ્ય હિન્દમાં આવ્યા. આ પછીની સરહદ ઓળંગવી કઠિન હતી; કારણ કે ત્યાં પુષ્કળ ગીચ જંગલો આવતાં હતાં. આથી આર્ય લોકો ઘણો વખત વિન્ધ્યાચળની ઉત્તરમાં જ રહ્યા. એમાંના ઘણા પુષ્કળ મુશ્કેલીઓ વટાવી દક્ષિણ તરફ ગયા તો પણ બીજાથી જઈ શકાયું નહિ. આથી દક્ષિણમાં મોટે ભાગે દ્રાવિડીઅન જ રહ્યા.

આર્યો કેવી રીતે હિન્દમાં આવ્યા એ જાણવું બહુ મઝાનું છે. તું સંસ્કૃત પુસ્તકમાંથી એ વિષે ઘણું જાણી શકું. વેદોમાં એનો ઉલ્લેખ છે. સૌથી જુનામાં જુનો ઋગ્વેદ છે. તેમાંથી આર્યો

હિન્દમાં કેટલા ભાગમાં વસ્યા એ જાણી શકું. બીજા વેદોમાંથી તથા પુરાણોમાંથી આપણને માલમ પડી આવે છે કે આર્ય લોકોએ પોતાનો વિસ્તાર વધારવા જ માંડયો. કદાચ તું આ બધાં પુરાણાં પુસ્તકો વિષે નહિ જાણતી હોય. જ્યારે તું મોટી થઈશ ત્યારે આ બાબત વિષે તું વધારે જાણીશ. અત્યારે પણ તું પુરાણોમાંની ઘણી વાતો જાણે છે. પછીથી 'રામાયણ' અને 'મહાભારત' એ બે ગ્રંથો હયાતીમાં આવ્યા.

આ પુસ્તકોમાંથી આપણને માલમ પડે છે કે જ્યારે આર્યો અફઘાનિસ્તાન અને પંજાબમાં રહેતા ત્યારે તે ભાગને તેઓ 'બ્રહ્માવર્ત' કહેતા. તે વખતે અફઘાનિસ્તાનને 'ગાંધાર' કહેવામાં આવતો. મહાભારતની 'ગાંધારી' તને યાદ છે ? તે અફઘાનિસ્તાનમાંથી આવેલી હોવાથી 'ગાંધારી' કહેવાતી. અફઘાનિસ્તાન એ અત્યારે હિન્દથી જુદો દેશ છે પરંતુ તે વખતે તે જુદો દેશ ન હતો.

જ્યારે આર્યો ગંગા યમુનાના ફળદ્રુપ પ્રદેશમાં આવ્યા ત્યારે તેઓ આખા ઉત્તર હિન્દુસ્તાનને 'આર્યાવર્ત' કહેતા.

બીજા લોકોની પેઠે તેમણે નદી કિનારે નગરો વસાવ્યાં. કાશી, પ્રયાસ વગેરે નગરો પણ નદી ઉપર જ આવેલાં છે.

૩૦ . . . . આર્યો કેવા હતા ?

આર્યો હિંદમાં પાંચ છ હજાર વર્ષ પહેલાં અથવા એથીયે વધારે વર્ષ પહેલાં આવ્યા હોવા જોઈએ. તેઓ બધા એકી સાથે જ આવ્યા ન હતા. લશ્કરોનાં લશ્કરો, જુદી જુદી ટોળીઓ, જુદાં જુદાં કુટુંબ વગેરે કેટલાંય વર્ષો સુધી આવ્યાં હશે. તે લોકો આજના મુસાફરોની પેઠે આવતા નહિ. લાંબી હારોમાં પશુઓના ઉપર સામાન નાખીને તેઓ આવતા. તેમને પાછા ફરવાનું હતું જ નહિ. તે રહેવાને અથવા લડતાં લડતાં મરવાને માટે જ આવ્યા હતા. તેમાંના ઘણાખરા વાયવ્યમાંથી આવ્યા હતા. તેમાંના કેટલાક કદાચ દરિયાઈ માર્ગે આવ્યા હશે. આ લોકોએ સિંધુ નદી ઓળંગીને હિન્દમાં પ્રવેશ કર્યો.

આ લોકો કેવા હતા ? આ વિષે તેમણે જે ગ્રંથો લખ્યા છે તેમાંથી આપણે કંઈક જાણી શકીએ. એમાંના કેટલાક (દાખલા તરીકે 'વેદ') તો દુનિયામાં સૌથી જુના છે. તે લોકો આવા ગ્રંથો મોઢે કરતા અને બીજાને સંભળાવતા. એ એવી સુંદર સંસ્કૃત ભાષામાં લખાએલા છે કે આપણે તેને ગાઈ શકીએ. અત્યારે પણ જો કોઈ માણસ સુંદર અવાજે 'વેદ' ગાય તો આપણને તે સાંભળવાની ઘણી મઝા પડે. હિન્દીઓ આ ગ્રંથને બહુ પવિત્ર માને છે. પરંતુ 'વેદ' એટલે શું ? 'વેદ'

એટલે જ્ઞાન. ઋષિ મુનિઓ જેવા જ જ્ઞાની પુરુષો આ જ્ઞાન પ્રાપ્ત કરી શકતા. તે વખતે તાર, આગગાડી અથવા સીનેમા ન હતાં. આ ઉપરથી એમ સમજવાનું નથી કે તેઓ અભણ હતા. કેટલાક એમ માને છે કે તે વખતના વિદ્વાન માણસો અત્યારના માણસો કરતાં વધારે બુદ્ધિશાળી હતા. તેઓ ડાહ્યા હતા કે નહતા તોપણ તેઓએ એવા સુંદર ગ્રંથો લખ્યા છે કે જે હજુ પણ પ્રશંસા પામે છે. આ જ બતાવે છે કે તે વખતના માણસો કેવા વિદ્વાન હશે.

પહેલાં વેદો પુસ્તકરૂપે લખાએલા ન હતા. લોકો આ ગ્રંથોને મોઢે કરતા અને એક પછી બીજાને, બીજા પછી ત્રીજાને એમ સંભળાવતા. તે તેખતે આ લોકોની યાદશકિત બહુ જ સરસ અને નવાઈ ઉપજાવે એવી હતી. આપણામાંથી કેટલા આવા ગ્રંથોના ગ્રંથો મોઢે કરી શકે ?

જે વખતમાં આ ગ્રંથો લખાયા તે ‘ વેદનો સમય ’ કહેવાય છે. પહેલો વેદ ઋગ્વેદ છે. આ ગ્રંથમાં આર્યો જે ભજનો અને ગીતો ગાતા તે આપેલાં છે. તે લોકો ચોકખા હૃદયના, આનંદથી ભરપૂર અને સાહસિક હોવા જોઈએ. તેમના આવા આનંદમાં જ તેમણે આવાં ગીતો લખ્યાં હશે ને ગાયાં હશે.

તે લોકો પોતાને માટે અને પોતાની જાત માટે મગરૂબ હતા. ‘આર્ય’ એટલે જ સદ્‌ગૃહસ્થ. તેઓ સ્વતંત્રતાના ભક્ત હતા. તે લોકો તેમના અત્યારના વંશજો જેવા ન હતા કે જેઓ બિલકુલ

હિંમત વિનાના છે; અને જે સ્વતંત્ર નથી તો પણ તે વિષે બિલકુલ લાગણી જ થતી નથી. આ આર્યોને ગુલામ બનવા કરતાં મરણ વધારે પસંદ હતું.

તેઓ સારા લડવૈયા હતા અને કંઈક વિજ્ઞાન પણ જાણતા. તેઓ ખેતીવાડીનું કામ પણ જાણતા. તેઓ ખેતીવાડીને તેમજ તેને લગતી બધી વસ્તુઓને માન આપતા મોટી નદીઓ તેમને પાણી પુરું પાડતી એટલે આ લોકો નદીઓને પોતાના મિત્ર તરીકે ગણતા. બળદ તેમજ ગાય પણ તેમની ખેતીમાં તથા જીવનમાં મદદ કરતાં; કારણ કે ગાય દૂધ આપતી. આથી તેઓ આ પશુઓની બરાબર સંભાળ રાખતા અને તેમનાં વખાણ કરતા. ઘણા વખત પછી લોકો ગાયને પૂજવાનું ખરું કારણ ભૂલી ગયા છે છતાં પણ ગાયને પૂજવાનું તો ચાલુ જ છે.

આર્યો પોતાની જાત વિષે મગરૂબ હોઈ હિન્દના બીજા રહેવાસીઓ સાથે ભળતા નહિ. આથી આર્યોએ કેટલાક કાયદા ઘડયા; અને તેમાં એમ જણાવ્યું કે આર્યો કોઈ બીજી જાત સાથે પરણી ના શકે. ઘણા વખત પછી જુદી જુદી ન્યાત અથવા જાત શરુ થઈ. અત્યારે આ સ્થિતિ બહુ જ વિચિત્ર થઈ ગઈ છે. કેટલાક લોકો બીજાને અડકતાં અથવા બીજા સાથે ખાવા બેસતાં બીએ છે. સદ્‌ભાગ્યે તે હવે ઓછું ને ઓછું જ થતું જાય છે.

૩૧ . . . . રામાયણ અને મહાભારત.

‘ વેદના સમય ’ પછી ‘ મહાયુગ ’ આવ્યો. આ ‘ મહાયુગ ’ કહેવાય છે કારણ કે તે વખતે બે મોટા ગ્રંથો લખાયા છે. તેમાં બહાદુર માણસોની વાતો લખી છે. તું જાણે છે તેમ આ બે ગ્રંથો ‘ રામાયણ ’ અને ‘ મહાભારત ’ છે.

‘ મહાયુગ ’માં આર્યો આખા ઉત્તર હિન્દુસ્તાનમાં ફરી વળ્યા. આ બધો પ્રદેશ આર્યાવર્ત કહેવાયો. ‘ સંયુક્ત પ્રાંતો ’ ‘ મધ્ય દેશ ’ને નામે ઓળખાતા; અને બંગાળા ‘ બંગ ’ને નામે ઓળખાતો,

જો તું હિન્દુસ્તાનના નકશામાં ‘ આર્યાવર્ત ’ નો પ્રદેશ જોઈશ તો તને એ બીજના ચંદ્ર જેવો લાગશે. આથી ‘ આર્યાવર્ત ’ ‘ ચંદ્રદેશ ’ એ નામે પણ ઓળખાતો. ‘ ઈન્દુ ’ એટલે ચંદ્ર અને તેથી ‘ આર્યાવર્ત ’ એટલે ‘ ઈન્દુનો પ્રદેશ. ’

આર્યો બીજના ચંદ્રના બહુ શોખીન હતા. જે જે એવા આકારની વસ્તુઓ હતી, તેને તેઓ પવિત્ર માનતા. તેમનાં ઘણાં શહેરો—જેમકે કાશી—એ અવાજ આકારનાં છે. અલ્લાહાબાદમાં ગંગા નદી પણ આવા જ વાંકમાં વહે છે.

રામાયણમાં રામ અને સીતાની વાત છે. રામ લંકાના રાજા રાવણ સાથે લડયા. આ મૂળ વાત વાલ્મીકિએ સંસ્કૃતમાં લખેલી છે તેનું જુદી જદી ભાષાઓમાં ભાષાન્તર થયું છે. આ બધામાં તુલસીદાસનું ‘ રામ ચરિત માનસ ’ સૌથી સુંદર છે.

આપણને રામાયણમાં એમ જણાવવામાં આવ્યું છે કે રામને દક્ષિણ હિન્દમાંથી 'હનુમાન' જે વાનરોના ઉપરી હતા તેમના તરફથી મદદ કરવામાં આવી હતી. એમ હોઈ શકે કે રામાયણ એ આર્યો અને દક્ષિણના સમ્રાટ્ રાવણ સાથેની લડાઈની વાત છે. ઘણું કરીને રામાયણમાં દર્શાવેલા વાનરો એ દક્ષિણ હિન્દમાં વસતા કાળા લોકો હતા.

રામાયણ સુંદર વાતોથી ભરપુર છે પરંતુ હું તને એ બધી વાતો પત્રો દ્વારા જણાવી શકું નહિ. તેને તો તારે જાતે જ વાંચી લેવી જોઈએ.

મહાસભા એ રામાયણ પછી કેટલેય વખતે રચાયું. એ પણ એક મોટો ગ્રંથ છે. એમાં આર્યોની અને દ્રાવિડીઅનોની લડાઈ નથી પરંતુ સામસામા આર્યોની જ લડાઈ છે. લડાઈની વાત બાજુ પર મૂકતાં એ બહુ જ સુંદર ગ્રંથ છે. એ ગ્રંથ સુંદર વિચારોથી ભરપૂર છે. આ બધી વસ્તુઓ ઉપરાંત એ ગ્રંથ આપણને ઘણો જ પ્રિય છે. કારણ કે તેમાં 'ભગવદ્ ગીતા' નામે એક સુંદર કાવ્ય છે.

આ ગ્રંથો હિન્દમાં હજારો વર્ષો પૂર્વે લખાએલા છે. કયા મોટા માણસે આ લખ્યું હશે ? જો કે તે આટલા બધા વખત પહેલાં લખાએલા છે તો પણ હિન્દ ભરમાં દરેક બાળક આ ગ્રંથોની વાતો જાણે છે; અને મોટા માણસો પણ તેમાંના સારા સારા વિચારોનું ચિંત્વન કરે છે.

સમાપ્ત

વાત બહેનાં

ભાષા-શૈલી-વસ્તુના વાર્તામાં ગૂંથેલા
કેટલાક સુન્દર નમૂના.

:: લેખકો ::

ઈન્દુપ્રસાદ ભટ્ટ :: મણિલાલ ઠાકર

બાલસાહિત્યના આચાર્ય ને અધ્વર્યુ શ્રી
ગિજુભાઈએ એનો આમુખ લખ્યો છે.

કેટલાંયે બાળકોના શ્રવણમાંથી આ વાતો પસાર થઈ ચૂકી છે. કેટલાંયે બાળકોએ એને કંઠસ્થ કરી છે. કેટલાંયે બાળકોએ સુંદર બાલભાષામાં એનાં શબ્દચિત્રો રચ્યાં છે.

નીચે મુજબ સચિત્ર સોળ વાતોનો સંગ્રહ

૪ પરીકથાઓ	૨ બાળ વાર્તાઓ
૪ લોકકથાઓ	૨ બાળ નવલિકાઓ
૩ શબ્દ નવલિકાઓ	૧ નર્મકથા

એન્ટિક કાગળ : સુંદર છપાઈ : સુંદર ૫ ચિત્રો.
છૂટક માટે :: કિંમત આઠ આના.

:: પ્રકાશક ::

જીવનલાલ અમરશી મહેતા

પીરમશારોડ, અમદાવાદ.